R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 08 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH FEBRUARY 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# નાના શહેરોમાં પણ મોટી તકો છે



- ડૉ. હીરાચંદ દંડ

૧૯૪૭માં આઝાદી મળ્યા પછી મંથર ગતિએ વિકાસનું કાર્ય શરૂ થયું. કૃષિ ક્ષેત્રે પૂર્ણ રીતે ચોમાસા ઉપર નિર્ભર રહેલા ભારતમાં નદીઓ ઉપર બંધ બાંધી નહેરો દ્વારા સિંચાઈની યોજનાઓ શરૂ કરવામાં આવી જેનો લાભ દેશના અમુક ભાગોને ખૂબજ મળ્યો અને અમુક ભાગો એ પછી પણ વંચિત રહ્યાં. આમ અસમાન વિકાસ એ ૨૦મી સદીનું સત્ય બની રહ્યું. ફક્ત કૃષિ જ નહીં પરંતુ વેપાર-ધંધા-ઉદ્યોગ-શિક્ષણ-પાયારૂપ સુવિધાઓ એવી બધી જ બાબતોમાં અસમાનતાઓ ઊડીને આંખે વળગે એવી રહી. અંગ્રેજોએ વિકસિત કરેલાં મહાનગરો જ મોટાભાગે કેન્દ્રસ્થાને રહ્યાં અને ગ્રામીણ વિકાસની યોજનાઓ કાગળ ઉપર જ અટવાયેલી રહી. ભારતનાં પાંચ લાખથી વધુ ગામડાંઓ અને નાનાં નાનાં નગરો સુધી સરકારની પહોંચ નહીંવત્ રહી. ફક્ત ચૂંટણીઓ વખતે નેતાઓનાં ઢોલ-નગારાં ગામડાંઓમાં સંભળાતાં એ પછી બીજી ચૂંટણી સુધી નેતાઓ અદ્રશ્ય થઇ જતા એ આપણે સૌએ અનુભવેલું સત્ય છે.

લોકશાહીનાં પ્રારંભિક પચ્ચીસ વર્ષમાં અંગ્રેજોએ બનાવેલી અમલદારશાહી વધુ પ્રબળ બની અને દેશનો નાગરિક ઓશિયાળા બનતો ગયો. ૧૯૮૪ પછી ખુલ્લી આર્થિક નીતિનો અમલ શરૂ થયો. આઇ.ટી. ટેલિકૉમ્યુનિકેશન ક્ષેત્રે નવા લોહીનું આગમન થયું. વેપાર-ધંધામાં પણ પરિવર્તનનો પવન ફૂંકાયો પણ એનો લાભ મોટાં શહેરોને મળ્યો. વેપાર-વાણિજ્ય-વ્યવસાય એ મુંબઈ-દિલ્હી-ચેન્નાઈ-કોલકાતા જેવાં મહાનગરોમાં કેન્દ્રિત હતું તેમાં બેંગલોર-હૈદ્રાબાદ-અમદાવાદ-સુરત જેવાં નગરોએ થોડોક પગપેસારો કર્યો. કેન્દ્રિત આર્થિક વ્યવસ્થાને કારણે મહાનગરો ઉપર વસતિનું ભારણ વધ્યું અને પાણી-સડક-ગટર-રહેઠાણ જેવી સમસ્યાઓ વધુ વિકરાળ બની.

છેલ્લાં સાત-આઠ વરસથી વિકેન્દ્રિત વિકાસનું જે મૉડેલ સામે આવ્યું છે એ જ ખૂબ આકર્ષક અને સ્તુત્ય છે. મોબાઈલ-ઈન્ટરનેટ-ટ્રાન્સપોર્ટેશન-પેમેન્ટની વધેલી સુવિધાઓને કારણે તમે છેવાડાનાં ગામમાં બેસીને પણ તમારો કામ-ધંધો ચલાવી શકો છો. મહાનગરોનાં મોંઘા ભાડાં-પગાર-ઈલેક્ટ્રિક-પાણીનાં સ્થાને કોઈપણ નાનાં નગરમાં અડધાથી પણ ઓછા ખર્ચે તમે તમારું ઉત્પાદન-વેચાણ આસાનીથી કરી શકો છો. આજે ઉત્તર પ્રદેશ-બિહાર-રાજસ્થાન જેવાં રાજ્યોમાંથી આવતા નાગરિકોનું પ્રમાણ ઓછું થતું જાય છે. કારણકે સ્થાનિકે તેમને કામ-ધંધો મળી રહે છે સાથે સાથે તંદુરસ્ત જીવનધોરણ પણ પ્રાપ્ત થાય છે. ગુજરાત પણ આ રીતે વધુ સુંદર તકો પૂરી પાડી રહ્યું છે. ભૂકંપ પછી કાયાપલટ થયેલા કચ્છમાં પણ ઉદ્યોગો-ખેતીવાડી-વેપાર-વ્યવસાયમાં ઉપલબ્ધ તકોનો અનેક લોકોએ લાભ ઉઠાવ્યો અને આજે મહાનગરો કરતાં પણ વધુ કમાઇ લે છે સાથે સાથે પ્રાકૃતિક-તંદુરસ્ત જીવનનો લાભ પણ લઇ રહ્યા છે. કેન્દ્રિત વિકાસને બદલે વિકેન્દ્રિત વિકાસના આ નવા સંસ્કરણને વધાવવા વિચારવું જરૂરી છે. મહાનગરોનો મોહ છોડી જીવનને સુખ-શાંતિભર્યું બનાવવા આપણે આજે એ અંગે વિચારી આગામી વર્ષોમાં આયોજન કરીએ એ આપણા હિતમાં રહેશે.


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૮, તા. ૨૦-૦૨-૨૦૨૨**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...

## શ્રી મણીકાંત રાયચંદ મોમાયા - સાંયરા (અંધેરી)



વર્તમાનમાં સરકારી કર્મચારીઓ, બેંક તથા સેમી ગવર્નમેન્ટ કર્મચારીઓ ૫૮મા વર્ષે નિવૃત્ત થઈ જાય છે. અમુક પ્રાઈવેટ, પબ્લિક કંપનીઓમાં નિવૃત્તી વય ૬૦ વર્ષ છે. વેપારી તેના સંતાનો ધંધો સંભાળી લે એટલે નિવૃત્ત થાય છે. અનેક આધ્યાત્મિક ગુરૂઓ કહે છે કે સીત્તેર વર્ષની ઉંમર પછી આર્થિક ઉપાર્જન માટે કામ ન કરવું જોઈએ તેમજ કોઈપણ પ્રકારની જવાબદારીઓ ન લેવી જોઈએ. નિવૃત્ત થયા પછી શું કરવું જોઈએ એ માટે વોટ્સએપ ગુરૂઓ અવિરત જ્ઞાન આપી રહ્યા છે. આવી પરિસ્થિતિ વચ્ચે આજે હું તમને એક સદાબહાર યુવાનનો પરિચય કરાવીશ કે જેઓ ૧૯મી માર્ચ ૨૦૨૨ના રોજ પોતાની ઉંમરના ૯૦ વર્ષ પુર્ણ કરશે. ૯૦મા વર્ષે પણ તેઓ દ્રઢતાપૂર્વક માને છે કે જ્યાં સુધી શરીર સાથ આપે અને થઈ શકે ત્યાં સુધી દરેક વ્યક્તિએ કાર્યરત રહેવું જ જોઈએ. આવો આપણે મળીએ અંધેરી–મુંબઈમાં રહેતા સાંયરાના શ્રી મણીકાંત રાયચંદ મોમાયાને.

મણીકાંતભાઈના માતુશ્રી માનબાઈ રાયચંદ મોમાયા ખૂબજ દૂરદર્શી અને ખડતલ સન્નારી હતા. મણીકાંતભાઈ ફક્ત છ વરસના હતા ત્યારેજ તેમના પિતાશ્રીનું અવસાન થયું. વિધવા માતાએ આવી પરિસ્થિતિ વચ્ચે પણ પુત્રો મણીકાંતભાઈ તથા વિનોદભાઈને યોગ્ય શિક્ષણ આપવા માટે પ્રતિબદ્ધ રહ્યા હતા. જ્યારે મોટાભાગના કેડીઓ યુવાનો એસ.એસ.સી. સુધી ભણીને અભ્યાસ છોડી દેતા હતા એ સમયમાં મણીકાંતભાઈએ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી B.Sc.ની ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ તેમણે વલ્લભ વિદ્યાનગરમાંથી B.E. (મીકેનીકલ એન્ડ ઈલેક્ટ્રીકલ)ની ડીગ્રી મેળવી. માતુશ્રી માનબાઈએ ઈ.સ. ૧૯૪૪ સુધી પારિવારીક ધનનો વ્યવસ્થિત વહીવટ કર્યો એટલે બન્ને ભાઈઓને આર્થિક મુસીબતો ન નડી. ૧૯૪૪ના મુંબઈ ગોદીના ધડાકા પછી પરિવારને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડ્યો. પરિવારને અનેક વર્ષો સુધી ભાડાના નાના ઘરમાં રહેવું પડ્યું. માતુશ્રી માનબાઈ ભગીની સમાજ તથા કદઓ જ્ઞાતિની સમાજસેવાની અનેક પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા. આવો, આપણે મણીકાંતભાઈ પાસેથી વધુ માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** આપની કારકિર્દી વિશે વિગતથી જણાવવા વિનંતી.

**મણીકાંતભાઈ :** મેં કલ્યાણમાં નેશનલ રેયોન કંપનીમાં પાંચ વરસ કામ કર્યું. ૧૯૬૦માં હું બરોડા રેયોનમાં ચીફ એન્જિનીયર તરીકે જોડાયો અને ત્યાંથી જ ૧૯૯૩માં ચીફ. ટેક્નીકલ એક્ઝીક્યુટીવ તરીકે નિવૃત્ત થયો. બરોડા રેયોનમાં મારા કાર્યકાળ દરમ્યાન કંપનીએ મને નવ મહિના માટે જાપાન મોકલ્યો હતો. જ્યાં મને નવી ટેક્નોલોજીનું મહત્ત્વપૂર્ણ જ્ઞાન મળ્યું. ૧૯૯૩માં નિવૃત્તી લીધા પછી મને સુરતની ગાર્ડન સિલ્ક મિલ્સના શ્રી પ્રફુલ શાહનો ફોન આવ્યો. તેમણે મને ગાર્ડન સિલ્ક મિલ્સમાં ટેક્નીકલ કન્સલટન્ટ તરીકે જોડાવા નિમંત્રણ આપ્યું જે મેં મારી અમુક શરતોને આધીન સ્વીકાર્યું. ૧૯૯૬માં મને સુરત ટેક્ષટાઈલ મિલ્સ લી.ના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે જોડાવા નિમંત્રણ મળ્યું જે મેં સ્વીકાર્યું અને આજ દિવસ સુધી આ હોદ્દા ઉપર મારી ફરજ બજાવું છું. મણીકાંતભાઈ કદાચ પ્રથમ વ્યક્તિ છે જે કોઈપણ પબ્લિક લી. કંપનીમા મેનેજીંગ ડાયરેક્ટર હોય).

**પ્ર.સ.:** આપના અંગત જીવન વિશે કંઈક જણાવશો?

**મણીકાંતભાઈ :** હું ઓગણીસ વર્ષની ઉંમરે સોળ વરસની જયા ભાણજી દેવજી ખોના સાથે લગ્નગ્રંથીથી જોડાયો. મારી પત્ની પરફેક્ટનીસ્ટ છે અને કાર્ય કુશળ છે.તેણે મને મારી દરેક પ્રવૃત્તિઓમાં હંમેશા સહયોગ આપ્યો છે. લગ્ન પછી તેના સહકારને કારણે જ હું મારૂં એન્જિનીયરીંગનું શિક્ષણ પૂર્ણ કરી શક્યો. અમારા લગ્નજીવનને સીત્તેર વર્ષ થઈ ગયા છે. (આ દંપતિ કદાચ ક.દ.ઓ. જ્ઞાતિનું સૌથી દીર્ઘ લગ્નજીવન ધરાવતું હયાત દંપતિ હશે) હું અંગ્રેજી નવલકથાઓ વાંચુ છું અને મારું કામ એ મારી સાધના અને પ્રાર્થના છે. હું હંમેશા કાર્યશીલ રહેવા ઈચ્છું છું.

**પ્ર.સ.** : આપ આ ઉંમરે પોતાને કઈ રીતે સ્વસ્થ અને તંદુરસ્ત રાખો છો?

**મણીકાંતભાઈ :** દોડવાનું મને તંદુરસ્ત રાખે છે. ૨૦૧૬ સુધી હું દરરોજ ચાર માઈલ દોડતો હતો એ પછી ૨૦૨૦ માર્ચ સુધી મેં બ્રીસ્ક વોક શરૂ કરેલું. પણ એ પછી કોરોનાના

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

કહેરને કારણે દરરોજ ૪૫ મીનીટ કસરત કરૂં છું.

**પ્ર.સ. :** કોવીડ સંક્રમણના સમયમાં તમોએ પોતાને કઈ રીતે પ્રવૃત્ત રાખેલા?

**મણીકાંતભાઈ :** મારા પૌત્ર ધીરે મને હંમેશા વ્યસ્ત રાખ્યા. તે મોશન પીક્ચર્સ અને એડ ફિલ્મના નિર્માણનું કામ કરે છે. હું તેની સાથે ઓફિસમાં જતો અને સ્ક્રીપ્ટ વાંચતો. એ પહેલા એણે ૨૦૧૮માં 'નામદેવ ભાઉ ઈન સર્ચ ઓફ સાયલન્સ' ફિલ્મમાં રોલ આપી મને ઍક્ટર બનાવી દીધો. મારી પાસે સારા પુસ્તકોનું મોટું કલેક્શન છે. અને આ સમય દરમ્યાન મેં વાંચવાનું પસંદ કર્યું. મેં કવિતાઓ લખવાનું પણ શરૂ કર્યું.

**પ્ર.સ. :** ક.દ.ઓ. યુવાનો અને વડીલો માટે આપનો સંદેશ?

**મણીકાંતભાઈ :** યુવાનો, પોતાને શિક્ષિત કરો અને સખત પરિશ્રમી બનો. જ્યાં સુધી તક મળે ત્યાં સુધી પ્રવૃત્તિ કરતા રહો. પ્રવૃત્તિ તમને માનસિક તથા શારીરિક રીતે સ્વસ્થ રાખશે. કાર્યશીલતા તમને યુવાન અને શક્તિશાળી બનાવશે.

**પ્ર.સ. :** પ્રેરણાદાયી માહિતી બદલ આપનો ખૂબ ખૂબ આભાર...

**– ડૉ. હીરાચંદ દંડ**

# Congratulation

***Vrushti Bhadrika Naresh Shah (Lodaya)***



Graduated in July 2021 from the University of Surrey in the United Kingdom with a Bachelor of Science Honours degree in Media, Culture & Society (Sociology).

**VP Number : SULO0102206**

# પડાણાના પ્લોટધારકો જોગ

માનનીય જ્ઞાતિ બંધુઓ,

જય જીનેન્દ્ર,

આપ સૌને વિદીત છે કે લગભગ ૨૫ વરસ પહેલાં આપણે સૌએ ક૨છ એકમ દ્વારા પડાણા(ગાંધીધામ)માં પ્લોટો ખરીદ્યા હતા. એમાં મારો પણ પ્લોટ છે.

અત્યારે તે એરીયામાં કાંઈપણ પ્રવૃત્તિ થઈ નથી. પ્લોટો ઉપર ઘાસ ઉગેલ છે. જંગલ જેવું વાતાવરણ લાગે છે. નીતનવા કાયદાઓ આવતા રહે છે. મારા મંતવ્ય પ્રમાણે આપણે સૌએ આપણા પ્લોટો વેંચી નાખવા જોઈએ.

છેલ્લા છ મહિનાથી શ્રી મહેન્દ્રભાઈ લોડાયા તથા શ્રી નરેન્દ્રભાઈ નાગડા મારફતે વિવિધ પાર્ટીઓ સાથે વાતચીત ચાલતી હતી. અત્યારે બે પાર્ટીઓ આપણા પ્લોટો ખરીદવા તૈયાર છે. જો આપ આપનો પ્લોટ વેંચવા માગતા હો તો મારો સંપર્ક કરજો. મેં પાર્ટીને તા. ૧૫.૩.૨૨ સુધી જવાબ આપવાની વાત કરી છે. આપના પ્લોટની વિગત જેમકે પ્લોટ નં., સર્વે નં. અને ક્ષેત્રફળની વિગત મને મોકલજો.

હું આપણા સૌ વતી પાર્ટીઓ સાથે વાતચીત કરી આપણી ધારણા પ્રમાણેનો ભાવ મળશે તો પ્લોટોના વેંચાણની વાતચીત (તૈયારી) કરશું.

જે પણ પ્લોટ ધારકના ગ્રામ પંચાયતનો વેરો કે સરકારી નિયમો પ્રમાણે અન્ય બાકી હશે તે આપણે ભરવાના રહેશે. પ્લોટોની સાફ સફાઈ તથા ફેન્સીંગ આપણે કરાવવી પડશે. તે ધ્યાનમાં રાખી આપનો હકારાત્મક નિર્ણય જણાવજો.

આપ સૌના સહકાર બદલ અમૂલ્ય આભાર.

**સંપર્ક : મો. નં. ૯૯૩૦૦૦૮૩૩૯**


એજ. લી. આપનો ભવદીય

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**

**(લ.લા.પો.)ના જય જીનેન્દ્ર**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

આજે દિનાંક ૧૦/૦૨/૨૦૨૨ના રોજ ભાગ-૫ લખવા બેઠો ત્યારે ચક્રવાતમાં ફસાયેલી અમારી નાવડીને કોઈ કિનારો સુઝતો ન હતો. બધે ઠેકાણેથી નિરાશાના વાદળો ઉમટી આવ્યા હતા. કારણ કે ૧૯૫૫-૫૬નાં નાટ્યકર્મીઓને અમે સ્ટેજ ગજવતા જોયા હતા. પણ લગભગ એમાંનાં ઘણા બધા જીવન તખ્તા ઉપરથી વિદાઈ લઈ ચુક્યા હતા અથવા આજે લગભગ +૮૦ હતા અને તેમની યાદદાસ્ત પરથી તેમણે ભજવેલા કિરદારની યાદો પર પડદો પડી ગયો હતો.

શ્રીમતી જયાવતી હેમરાજ મૈશેરીએ (૮૪ વર્ષ - જખો - પુણે) ડૉ. માનશી અને ડૉ. જયચંદ લોડાયા સાથે ''નોળીયા ના ભારા'' નાટકમાં ભાગ લીધો હતો અને આજે હયાત છે પણ તેમને પણ તેમની યાદદાસ્ત સાથ આપતી નથી તેઓ સ્વસ્થ-શાંત જીવન પુનામાં વિતાવી રહ્યા છે. (આ સાથે એ નાટકનાં એક દ્રશ્યનો ફોટો સામેલ કરેલ છે.) આ નાટ્યકર્મીઓ પોતાની કૌટુંબિક અને વ્યવસાયિક પ્રવૃત્તિમાંથી સમય કાઢી કોઈકના રૂમમાં કે કોઈકનાં મકાનની અગાશી પર ગાંઠનાં ગોપીચંદ કરી રીર્હસલ કરી નાટક ભજવતા.

અત્યારે ૧૯૫૬=૫૭નાં વર્ષોની વાત ચાલી રહી છે ત્યારે સ્વ. શ્રી ચાંપશીભાઈ નાગડા સાથે કરાયેલ વાતચીતનો એક પ્રસંગ સંશોધનકાર શ્રીમતી હીરાબેન નેણશી ખોના (૮૪ વર્ષ-નલિયા-અંધેરી)ને વાત-વાતમાં સ્મરણ થયું તે અહીં ઉતારૂં છું.

વર્ષ ૧૯૫૬-૫૭માં મુંબઈ યુનિવર્સીટીનાં ગુજરાતી વિભાગે કોલેજો માટે નાટ્ય સ્પર્ધા યોજી હતી. તેમાં સેંટ ઝેવિયર્સ કોલેજે પણ ભાગ લીધો હતો. નાટકનું નામ હતું ''ચાલો આપણે ભાગી જઈએ'' એ નાટકના દિગ્દર્શક હતા શ્રી ભરત દવે, હિરોઈન હતા હિરાબેન ખોના, સ્પર્ધાના એક નિર્ણાયક હતા શ્રી ચાંપશીભાઈ નાગડા.

એજ વર્ષોમાં વિદ્યાર્થી સંઘના વાર્ષિકોત્સવ માટે એક નાટક ભજવવામાં આવેલ. નાટકનાં હીરો હતા. સ્વ.શ્રી નેણશી દેવશી ખોના અને હીરોઈન હતી સવેતન નાટ્ય કલાકાર કલ્પના દિવાન. (જે કે.ડી.ઓ. ન હતી).

આ વાર્ષિકોત્સવમાં સ્વ.શ્રી ચાંપશીભાઈ અતિથીવિશેષ તરીકે પધાર્યા હતા. પોતાની વ્યથા સ્વ.શ્રી ચાંપશીભાઈ પાસે ઠાલવતા સ્વ. શ્રી નેણશીભાઈ એ કહ્યું કે જ્ઞાતિમાંથી નાટક ભજવવા હીરોઈન મળતી નથી. હીરોઈન વગરનાં કેટલા નાટક ભજવીએં. અને એવા નાટકો પણ મળતા નથી. સ્વ.શ્રી ચાંપશીભાઈએ મીઠી ટકોર કરતા કહ્યું કે હીરોઈન તો તારા ઘરમાં બેઠી છે અને બહાર શોધવા ફાંફા મારે છે.

બસ ત્યારથી શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના ઉપક્રમે ઉજવાતા વાર્ષિકોત્સવમાં હીરા-નેણશીની જોડીનાં નાટકો ભજવવાની શરૂઆત થઈ જેને જ્ઞાતિજનો તરફથી સારો પ્રતિસાદ મળતો.

મને યાદ છે ત્યાં સુધી ''હીરા-નેણશી''નું નાટક છેલ્લે ભજવાતું ત્યાં સુધી પ્રેક્ષકોને કાર્યક્રમમાં રાહ જોવી પડતી. ત્યારબાદ આ જોડી સાથે એક પછી એક ઘણા કલાકારો જોડાતા ગયા. સ્વ.શ્રી કિશોર દેવશી ખોના, લેખક પોતે, શ્રી ધનરાજ દેવશી ખોના, કુ. મંદાકીની અને અન્ય જ્ઞાતિની કુ. જ્યોતિ ગડા જે હાલમાં અમેરીકા છે. કુ દિલશાદ જે ''બાઈ બાટલી અને બાયડી'' નાટકનાં સહ હીરોઈન હતા. આ જોડીએ ભજવેલા નાટકોનો વિસ્તારપૂર્વક અહેવાલ ભવિષ્યમાં.


**''નોળીયા ના ભારા'' નાટકનું એક દ્રશ્ય**



**ડાબેથી કિશોર દેવશી ખોના, ડો. જયચંદ લોડાયા, ડો. ચંદુલાલ લોડાયા (વરાડીયા-કેનેડા), જયાવતી હેમરાજ મૈશેરી, કુ. માનસી ધુલ્લા, (ઓળખાતા નથી), નેણશી દેવશી ખોના**

ચક્રવાતમાં ફસાયેલી અમારી નાવડી કંપાસ અને હોકાયંત્રની મદદથી આગળ વધવા માંડી. સાનુકુળ પવન પણ વહેતો હતો અને દુર દુર એક દિવાદાંડી દેખાઈ.

(વધુ આવતાં અંકે...)


વિધાતાના નવ નિર્માણની કળાકૃતિ આપ,
એક દિવસ તો આપના અસ્તિત્વની ઉજવણી કરો આપ...
લગ્નદિપ સ્ટુડીયો
મહિલા દિવસ
સ્પેશીયલ ઓફર
(Women's Day Special Offer)
તા. ૧ માર્ચ થી ૮ માર્ચ
બ્રાઈડલ લગ્નની સાડીઓ અને લહેંગા
વિશિષ્ટ ડિઝાઈન્સ
ઈન્ડો વેસ્ટર્ન અને ગાઉન
Upto 35% Off
* ઓફર બંને સ્ટોર પર માન્ય છે.
(Thursday Open)
SINCE 1982
022 25680806/7
76666 88881 / 76666 22229
@laganadeepstudio
B-13/15, Jalaram Ashish,
Devidayal Road, Opp. Raj Hospital,
Mulund (W), Mumbai-400 080.
LagnaDeep
STUDIO
UPASANA-9820167767

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન

દર વર્ષે ૮ માર્ચના સંપૂર્ણ વિશ્વના વિવિધ ક્ષેત્રોની મહિલાઓ પ્રત્યે સન્માન, પ્રશંસા અને પ્રેમનું પ્રાગટ્ય વ્યક્ત કરવા તેમજ તેમની આર્થિક, સામાજિક, અને રાજનીતિક ઉપલબ્ધીઓને કઠીનાઈઓની સાપેક્ષતાના ઉપલક્ષ્યમાં ઉત્સવરૂપે આ 'મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

આ ઉત્સવ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ચયન કરાયેલ રાજનીતિક અને માનવ અધિકાર વિષયવસ્તુની સાથે મહિલાઓના રાજનીતિક અને સામાજિક ઉત્થાન માટે મનાવવામાં આવે છે. સૌથી પહેલા પ્રથમ વખત ન્યુયોર્ક શહેરમાં ૧૯૦૯માં એક સમાજવાદી રાજનીતિક કાર્યક્રમનાં રૂપમાં આયોજિત થયેલ હતું. તો ૧૯૧૭ માં સોવિયેત સંઘે આ દિવસને 'જાહેર રજા' ઘોષિત કરેલ. તત્કાલીન સમયનાં અધિકાંશ દેશોમાં મહિલાઓને મત (vote) દેવાનો અધિકાર નહોતો, માટેજ આ પ્રમુખ ઉદ્દેશ સાથે મહિલાઓને મત દેવાના અધિકાર આપવા માટે જ ૧૯૧૦માં સોશ્યલિસ્ટ ઈન્ટરનેશનલનાં કોપેનહેગન સંમેલનમાં આને ''આંતરરાષ્ટ્રીય'' દર્જો આપવામાં આવ્યો હતો. તત્કાલીન સમયે ગ્રેગેરિયન કેલેન્ડર ચાલતું હતું એટલે ૮ માર્ચને કાયમ માટે મહિલા દિન રૂપે ૧૯૨૧થી પ્રારંભ કરીને મનાવવા માટે આવતું રહ્યું છે...! આ મહિલા દિવસ નો મુખ્ય ઉદ્દેશ... 'નાગરિક જાગરૂકતા' તેમજ 'લીંગભેદ વાદ વિરોધ' દિવસ છે.

તો આવો આજે આપણે પણ ૮ માર્ચનાં આ 'મહિલા દિન' નાં ઉપલક્ષ્યમાં આપણી જ્ઞાતિની હોનહાર અને કાબેલ સન્નારીઓનો પરિચય મેળવીએ...

**(૧) પ્રિયા પ્રવીણ મૈશેરી-થાણા (નાની સિંઘોડી)**



સૌ. પ્રીતિબેન પ્રવીણભાઈ માણેકજી મૈશેરી હાલ રહેઠાણ રાયપુર નિવાસીની સુપુત્રી છે. ફાર્મસીમાં માસ્ટર (M. Pharma) કરેલ છે. વ્યવસાયે ક્લિનિકલ રિસર્ચર છે. હાલમાં સંપૂર્ણ જગતને ત્રાહિમામ કરી મુકેલ કોવીડ માટેની રસીની શોધ કરવામાં એમનો બહુ મોટો સિંહફાળો રહ્યો છે. પોતાની બહુ મોટી ટીમ જોડે, એક સંશોધકની રૂએ દિવસ અને રાત સખત પરિશ્રમ સાથે કોઈપણ રજા લીધા વિના સહભાગી બનેલ હતાં. છેલ્લા ૯ વર્ષથી અનેક સંશોધનોનાં પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપીને અલગ અલગ વૈદ્યકીય ક્ષેત્રમાં પોતાની નોંધપાત્ર સહભાગીતા નોંધાવેલ છે. આ પહેલા રસી બનાવવાના વિશેષ અનુભવના કારણેજ, આ કોવીડની રસી બનાવવા માટેનાં પ્રોજેક્ટ માટે તેમની પસંદગી કરાયેલ હતી. તેમને વૈદ્યકીય સંશોધનમાં વિશેષ અભિરૂચિ છે. તેમજ તેમનાં માતાપિતા સહ ભાંડરૂઓ પણ પ્રેરણાત્મક પ્રોત્સાહન સાથે સહકાર્ય આપતાં હોય છે, જેથી તે પોતાની કારકિર્દીમાં આગળ વધવાની સાથેજ શ્રેષ્ઠત્વને પ્રાપ્ત કરે. તે પોતે સ્વયંને સંશોધન ક્ષેત્ર માટે બહુજ સ્પષ્ટ દૂરદર્શિતા ધરાવે છે, વધુને વધુ જવાબદારીઓ સાથે અનેકવિધ લોકોના સંપર્ક માટે પ્રયત્નશીલ હોય છે ને પોતાનાં ક્ષેત્ર બાબતે જ્ઞાનપીપાસા માટેની સદૈવ તલબગાર બનતી હોય છે. તેમને કોવીડ વેક્સીન માટે તેમજ તેની માન્યતા માટે પણ અનેક પારિતોષિકો અને એવોર્ડ્સથી નવાજવામાં આવેલ છે. એક સંશોધકની દ્રષ્ટિએ તેમનું માનવું છે કે તેમનું યોગદાન કાર્ય સ્વાર્થરહિત માનવતાનાં કલ્યાણ અર્થે પ્રેરિત હોવું જોઈએ. તેમજ પૃથ્વી ગ્રહ ઉપર સુંદર જીવન બનાવવા માટે પોતાનો સૌથી શ્રેષ્ઠ સહયોગ આપવો જોઈએ.

ભાવિ પેઢી માટે પ્રિયાબેન પોતાનો અભિપ્રાય જણાવે છે કે માનવતાની સેવા અર્થે યોગ્ય વ્યવસાયની પસંદગી કરો, તેમજ જીવનને સુંદર બનાવવા માટે ક્યાંય પણ સકારાત્મક વિચારધારાનો ઉપયોગ કરો, આ જ છે તમારો પોતાનામાંજ રહેલો... સૌથી મોટો એવોર્ડ્સ...! અને એક અદ્ભૂત અનુભૂતિ સાથે વિશેષ પ્રાપ્તિનો સ્વયંને આનંદ અને સ્વસમાધાનની તૃપ્તિ પ્રાપ્ત થાશે....!!!

**(૨) ડો. સૌ. સીમા તારક પોલડીયા-ઘાટકોપર (બાયઠ)**



માતુશ્રી વિમલાબેન હેમરાજ મેઘજી ગોસર હાલ ઘાટકોપરનાં રહેવાસી અને કચ્છ ગામ બાયઠવાળાની પ્રથમ દીકરી છે. તેમનું શિક્ષણ M. Com.; F. C. A.;

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંઘોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.**

Ph.D.; Diploma in Business Consultancy બજાજ મેનેજમેન્ટ કોલેજ (મુંબઈ યુનિવર્સિટી)માંથી થયેલ છે. તેઓ B. Com. માં સોમૈયા કોલેજમાં પ્રથમ ક્રમાંકે, તેમજ મુંબઈ યુનિવર્સિટીમાં પણ ૧૯મું ક્રમાંક મેળવીને ઝળહળતી સફળતા હાંસિલ કરેલ હતી. M. Com. વખતે મેરીટ યાદીમાં આવીને પોતાની ગુણવત્તા પુનઃ સિદ્ધ કરેલ.

સીમાબેન સી.એ.ની પ્રેકટીસમાં સતત કાર્યરત છે, તેમજ પિતાશ્રીની સી.એ. ફર્મ H. M. GOSHER & CO. માં પાર્ટનર તરીકે સેવા આપી રહ્યાં છે. તો માટુંગાની M. M. P. SHAH COLLEGE (S.N.D.T.) માં એકાઉન્ટ વિભાગનાં પ્રમુખ (H.O.D.) છે. મુંબઈની સુપ્રસિદ્ધ પાર્લા સ્થિત નરશી મોનજી કોલેજ, માટુંગાની પોદ્દાર કોલેજ, જયહિન્દ કોલેજ, SNDT યુનિવર્સિટીમાં BOARD OF STUDIES માં એકાઉન્ટન્સી વિભાગનાં મેમ્બર છે. તેમજ આપણી જ્ઞાતિની દીકરીઓ માટેની લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય, ઘાટકોપરમાં પણ વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે. તેઓ એક તેજસ્વી, ઉચ્ચ શિક્ષિત તેમજ નમ્ર મિલનસાર વ્યક્તિત્વ ધરાવનાર મહિલા છે.

**(૩) કુ. નિહારિકા સુનિલ મેપાણી-ઘાટકોપર (પરજાઉ)**



આ દીકરી સૌ. તુષ્માબેન સુનિલ ધનજી મેપાણીની એકમેવ સુપુત્રી છે. નાનપણથીજ હોંશિયાર અને એકટીવ છે. ૨૦૧૦માં B.Com. પાસ કર્યું, તો ૨૦૧૩માં C.S. અને L.L.B. એકીસાથે જ પ્રથમ પ્રયત્નમાં પાસ કરીને બેવડી ડિગ્રી મેળવ્યાનો સાર્થક અને વિશેષ ગૌરવાંકિત થવાનો લાભ લીધેલ. વ્યવસાયે કોર્પોરેટ લોયર (વકીલ) છે. શિક્ષણ પુરૂં કરી લીધા બાદ દેસાઈ એન્ડ દિવાનજી કાં.માં પોતે સ્વયંની જાતને પ્રત્યક્ષ કાર્યનો અનુભવ ૨૦૧૩થી ૨૦૧૬ સુધી આપ્યો. ત્યારબાદ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી ખૈતાન એન્ડ કાં.માં પોતાનાં પૂર્વ અનુભવનો લાભ આપીને ત્યાં સેવા આપી. ૨૦૨૧થી હાલમાં જે. સાગર એન્ડ એસોસિએટ્સમાં પ્રિન્સિપલ એસોસિએટ તરીકે પોતાની ફરજ બજાવી રહી છે.

નિહારિકા નાનપણથીજ હંમેશા સાંભળતી આવતી હતી કે મહિલાઓ માટે કાયદાનું ક્ષેત્ર વિશેષ પસંદગીનો વિષય નથી...! માત્ર તેનાં માતાપિતાનો વિશ્વાસ સ્ત્રીપુરૂષની સમાનતામાં સદાય રહ્યો હતો માટે જ તેને પોતાની કારકિર્દી બનાવવા માટેની સ્વાતંત્ર્યતા સ્વયંના પરિવારથી પ્રથમથી પ્રાપ્ત જ હતી.

આજે મહિલાદિન નિમિત્તે નિહારિકા યુવા દીકરીઓને જણાવે છે કે માત્ર તમે તમારાં હૃદયનું જ સાંભળો, તમે તમારાં મનભાવન આકાશને શોધી લ્યો, તેમાં તમારી પાંખોને વિસ્તૃતિકરણ ફેલાવનું બળ આપીને ગગન વિહારના મનસોક્ત આનંદને પ્રાપ્ત કરો, સ્વયંને ગૌરવાંકિત બનાવો....!!!

**(૪) સૌ. ગીરા હાર્દિક દંડ-મુલુન્ડ (લાલા)**



કચ્છ ગામ જખૌનાં જાલના નિવાસી સૌ. મમતાબેન જયેશ કાનજી મૈશેરીની સુપુત્રી અને શ્રી. નરેશભાઈ ભવાનજી દંડની પુત્રવધુ છે. નાનપણથી જ ભણવામાં હોંશિયાર અને જિજ્ઞાસુ વૃત્તિવાળી કન્યા બારમીમાં જિલ્લા સ્તરે ટોપ રેન્ક હોલ્ડર રહી હતી. તેણીએ ધોરણ ૧૨મી સુધીનો અભ્યાસ જાલનામાં રહીને પૂરો કર્યો, તો આગળ પોતાનાં સપનાની મંઝીલ મેળવવાં અર્થે તેમજ ઉચ્ચ અભ્યાસની તાલીમ માટે મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

આપણી જ્ઞાતિની લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવ્યો. હોસ્ટેલ લાઈફે તેણીને જીવનમાં એક મજબૂત પાયો આપ્યો, તેણીને વ્યક્તિગત રીતે વિચારસરણી માટે, તેમજ વ્યક્તિગત વિકાસ અર્થે સ્વાતંત્ર્યતા અને દમદાર વિશ્વાસનું એવું ભાથું આપ્યું છે.

આગળ જતાં B.M.S. માં ટોપર રેન્કથી સફળતા પ્રાપ્ત કરેલ છે. BMS પદવી કોર્સની સાથે S. C. S. વ્યવસાયિક કોર્સની જાણકારી કૌટુંબિક પરિવારજનો, મિત્રપરિવાર, મેન્ટોર્સ, હોસ્ટેલનાં ટ્રસ્ટીગણો દ્વારા પ્રોત્સાહન પર માર્ગદર્શન મળેલ જેથી BMS જોડે CS ની પદવી એમ એક સાથે બેબે પદવી મળવાનો બમણો આનંદ પ્રાપ્ત થયો...! આગળ વ્યવસાયિક દૃષ્ટિએ કાયદાકીય ભાષાજ્ઞાનની વિશેષ જાણકારી મેળવવાં અર્થે L.L.B. માં પ્રવેશ કર્યો તેમજ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રાપ્ત કરવા માટે TBZ માં પ્રવેશ કર્યો, જે ભારતભરમાં એકજ નામાંકિત અને નોંધણીકૃત કંપની છે. આગળ વ્યવસાયિક નોકરીની દૃષ્ટિએ તેણીનું સ્થળાંતર મસ્જિદબંદર સ્થિત અનંત ભુવનની મહિલા કર્મચારી

હોસ્ટેલમાં થયું. CS ની ડિગ્રી પ્રાપ્તી બાદ શાહરૂખ ખાનની KIDZANIA નામની કંપની જે એક ગ્લોબલ એમ્યુઝમેન્ટ પાર્ક છે, તેમાં તેણીએ પ્રથમ નોકરીનો પ્રથમ ચરણ મુક્યો. ત્યારબાદ ૨૦૧૭-૧૮થી હાલ વર્તમાનમાં ભારતની એક નામાંકિત ન્યૂઝ અને કરંટ અફેયર્સ માટે જાણીતી ટીવી ચેનલ REPUBLIC TV માં પોતાની સેવાઓ અર્પણ કરી રહી છે.

CS નો કોર્સ વ્યવસાયિક કારકિર્દીની દષ્ટિએ, કોર્પોરેટ બિઝનેસ જગતમાં એક બહુજ મોટો વિશાલ પ્લેટફોર્મ ધરાવે છે. જયાં તમારાં ટેલેન્ટને ચમકાવવા માટે એક અનેરો પ્લેટફોર્મ પ્રાપ્ત થાય છે...! અહીં પણ રસ્તાઓમાં વળાંક તો ઘણાંજ આવશે, પણ આ રસ્તાને પૂર્ણવિરામ તો માત્ર નથી જ...!! ફક્ત વ્યવસાયિકજીવન નો આ એક વળાંક હોય છે....!!!

**(૫) Adv. સૌ. નેહલ ભાવિક સોની-જલગાંમ (સાંયરા)**



કચ્છ ગામ લાખણીયાના ખેતશી વેલજી મોતા KDO ની દોહિત્રીને કચ્છ ગામ જખૌનાં હાલ અંધેરી (મુંબઈ) પૂર્વે વાલ્કેશ્વર નિવાસી સૌ. સૂર્યાબેન જગદીશ ભાનુચંદ ગોરજી (નાગડા) NONKDO ની સુપુત્રી તેમજ કચ્છ ગામ સાંયરાનાં જલગાંમ નિવાસી સૌ. ઇલાબેન અજય રતનશી સોનીની પુત્રવધુ છે. તેઓ મુંબઈ હાઈકોર્ટની વકીલ તરીકે કાર્યરત છે. તેણીનો અભ્યાસ L. L. B. ; M. Com. સુધી થયો છે. ને આગળ C. S. તેમજ L. L. M. નો અભ્યાસ ચાલુ છે. K. R. Parekh Advocate Solicitor Co. માં લીગલ અફેયર્સમાં પ્રમુખ (Head) હતી. સિવીલ લિટીગેશન કાર્ય, વાદવિવાદમાં સમન્વય, ભાડુઆત અને જમીન માલક, કૌટુંબિક વાદવિવાદ અને છૂટાછેડા, નાના છોકરાઓની કસ્ટડી, વગેરે બાબતમાં લગભગ ૧૦ વર્ષનો અનુભવનો પ્રવાસ રહ્યો છે. ગૂંચવણભર્યા કેસોમાં નાવિન્યપૂર્ણ યુનિક સમાધાન કરવામાં મહારત હાંસિલ છે...!

આપણી જ્ઞાતિ માટે તેમજ જ્ઞાતિજનો માટે કંઈક કરવાનો વિશેષ મનોભાવ તેણીએ દર્શાવેલ છે.

**(૬) Adv. સૌ. મિત્તલ રાહુલ નાગડા-જલગાંમ (પરજાઉ)**



જન્મથી જ એક નોનકેડીઓ મરાઠી ભાષીક મહારાષ્ટ્રીયન યુવતી છે. પરંતુ એનું માનવું છે કે એનાં પૂર્વકર્મનાં કારણે કે ઉત્તમ પુણ્યોદયનાં પ્રભાવે જ એનો પુત્રવધુ તરીકે પ્રવેશ એક જૈન ધર્મીયના ઘરમાં થયો.! આ બુલઢાણા નિવાસી સૌ. છાયાતાઈ સુધાકરજી ચૌધરીનાં ત્રણ સંતાનોમાંથી સૌથી નાની ને લાડકોડથી લાલનપાલનમાં ઉછરેલી, તેમનાં પરિવારની લાડલી દીકરી છે.

તો કચ્છ ગામ પરજાઉનાં જલગાંમ નિવાસી સૌ. પ્રીતિબેન હિરેન ઉત્તમચંદ નાગડા ની પુત્રવધુ છે. B. A.; L.L.B. ભણવા માટે જલગાંમ ખાતે રહેતી હતી, ત્યારે રાહુલભાઈ સાથે નજરથી નજર મળી જતાં પ્રેમનાં અંકુર ફૂટી જતાં, તેનું અંતિમ પરિણામ પરિણયરૂપમાં થયું...! આમ આ યુવતી આપણી જ્ઞાતિની સદસ્ય બનેલ છે. લગ્ન વખતે એની L.L.B. ની શિક્ષાગ્રહણ ચાલુ હતું. લગ્ન પશ્ચાત L.L.B. ની ડિગ્રી પ્રાપ્ત થયેલ. પ્રારંભના પ્રથમ પાંચ વર્ષ કોઈપણ જાતની વકીલની પ્રેકટીસ કર્યા વગર જ... સંપૂર્ણ સ્વયંનું સંપૂર્ણ લક્ષ ગૃહજીવનને સમર્પિત કરીને પોતાને પરિવાર જોડે સુવ્યવસ્થિત રીતે બનાવવામાં ખર્ચ કર્યાં. આજે આ યુવતી આપણી કચ્છી KDO દીકરીઓને પણ કચ્છી ભાષા બોલવામાં પાછી પાડી દે એવી સરસ કચ્છી બોલે છે..! એમની કુક્ષીમાં વિવાંશ નામે એક પુત્રરત્ન છે.

એનું પ્રમાણિકપણે એવું માનવું છે કે ભારત એક લોકશાહી દેશ છે, તો ભારત દેશનું બંધારણ સર્વેને સમજવું અગત્યનું છે. જેથી સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય વ્યવસ્થાની જાણકારી, સ્ત્રીપુરુષ લિંગભેદ વગરની સમાનતા, તેમજ તેણીનો દર્જો અને હક્ક અધિકારની જાણકારી, અભિવ્યક્તિ વિચાર સ્વાતંત્ર્ય, આસ્થા, શ્રદ્ધા, આરાધના, વ્યવસાય સંઘટન એવમ્ કૃતિની જવાબદારી અંગે સુરક્ષા પ્રદાનની જાણકારી અત્યંત જરૂરી હોવી જોઈએ. કાયદાકીય જ્ઞાન પ્રાપ્ત કરવાથી મહિલા પોતાનાં હક્ક અને અધિકાર બાબત જાગરૂક બને, તેમજ સમાનતાનાં તત્ત્વથી એક સ્ત્રી ખભેથી ખભો મલાવીને પુરુષ જોડે સહકાર્ય કરે એજ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

અભિપ્રેત છે. તેઓ દિવાની, ફોજદારી, ભૂસંપાદન, મહિલાઓના હક્ક માટે કાર્યરત છે. વિશેષરૂપમાં રેલવે દુર્ઘટના/અકસ્માત કલેમ સેટલમેન્ટમાં વિશેષ પ્રાવિણ્ય છે.

એમનાં મનોદય છે કે આપણાં જ્ઞાતિ/સમાજ માટે કોઈપણ રીતે ઉપયોગી બનું, જ્ઞાતિ સેવા માટે ઉત્કંઠીત છે. મહિલાઓને માર્ગદર્શન માટે ઉત્સુકતા દર્શાવેલ છે....!!!

આમ આપણી જ્ઞાતિની ઉપરોક્ત મહિલાઓ વિધવિધ ક્ષેત્રમાં પોતાની પ્રતિભાને નિખારતાનો ઓપ આપીને પોતાનાં વ્યવસાયિક આકાશને આંબી રહી છે! ઉપરોક્ત મહિલા/યુવતીઓ માંથી બે તો 'ખાન્દેશવિભાગ' ની પુત્રવધુ છે, તો એક દોહિત્રી છે....!!!

**This Women's Day let's create a balanced Society.....**

**તું ચહકતી રહે... તું મહકતી રહે...,**
**તું પ્રેરણા બની... તું ચમકતી રહે...,**
**ક્યારેક બેંટી તોં... ક્યારેક બેંન બનીનેં...,**
**ક્યારેક પ્રેમિકા તોં... ક્યારેક પત્ની બનીનેં...,**
**ખુશીયોંની વર્ષા... કરતી રહે...!**
**જીવનનાં આ લાંબા સફરમાં...**
**મા બનીનેં... માર્ગદર્શન કરતી રહે....!!!**

સ્ત્રી વિષે લખવા માટે શબ્દો તો નથી, પરંતુ એક વાક્યમાં કહીયે તો... એક મા, બહેન, પત્ની, દીકરી, વગેરે રૂપમાં આપણાં જીવન પરનાં તેમનાં ઋણ ક્યારેય ચૂકવી ના શકાય તેવા હોય છે. હું સૌ સ્ત્રી (બાળકી, સખી, મા, દીકરી, દાદી, ઈત્યાદી) નાં અવનવા ને વિભિન્ન રૂપોને વંદન કરૂં છું...! સૌ સ્ત્રીઓને આજના દિવસની હૃદયથી હાર્દિક શુભેચ્છાઓ...!!!

(**વિશેષ નોંધ :** ઉપરોક્ત વિશેષ લેખન માટે આપણી જ્ઞાતિની લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય, ઘાટકોપરની મેનેજીંગ કમિટીના પ્રમુખ મહોદયા વિમળાબેન હેમરાજ મેઘજી ગોસર-ઘાટકોપર (બાયઠ)નો વિશેષ આગ્રહ તથા પ્રેરણાત્મક માર્ગદર્શન સહ સહકાર્ય પ્રાપ્ત થયેલ છે).

**- મહેશ કાંતિલાલ ભવાનજી મોતા**
**(જલગાંમ કુવાપધ્ધર) મો. નં. : 94044 92830**

**MEDI-CLAIM EXPERT**

**CLAIMS SETTLEMENT**

❖ REJECTED / DELAYED CLAIMS

❖ POLICY FROM ALL COMPANIES COVERED

**CONTACT EXPERT: 9820853112**

જય જય શ્રી ચિંતામણિ પારસનાથ જી

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ
## શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૪૯૦ )

**નોટીસઃ વાર્ષિક સામાન્ય સભા**

શ્રી વરાડીયા જૈન દેરાસર ટ્રસ્ટ/મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૬ માર્ચ ૨૦૨૨ ના બપોરે ૨.૩૦ ક. શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુન્જ, વાલજી લધા રોડ, મુલુંડ પશ્ચિમ, મુંબઈ ૮૦ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજનના સર્વે સભ્યો ને હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા સુચીઃ**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મીનીટ્સ નું વાંચન અને બહાલી. ૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/મહાજનની પ્રવૃતિઓનો અહેવાલ. ૩) વર્ષ ૨૦૨૦-૨૧ના ઓડીટેડ હિસાબો તથા ઑડીટ રીપોર્ટની રજુઆત અને બહાલી. ૪) વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે ઑડીટરની નિમણુક. ૫) વરાડીયામાં આ વર્ષે કોઈ સાધુ -સાધ્વીજીનું ચાતુર્માસ કરાવવા અંગે, જિનાલયની ૧૨૦મી ધ્વજારોહણ મહોત્સવ અંગે તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવા. ૬) વરાડીયા તિર્થે પધારતા સાધુ-સાધ્વીજી ભગવંતોની સ્થિરતા માટે હાલના આશરે ૫૦૦ ચો.ફુટના ઉપાશ્રયની જગ્યાએ આશરે ૯૦૦ થી ૧૦૦૦ ચો.ફુટના ઉપાશ્રયના નવનિર્માણ કરવા માટે મળેલી માતબર દાનની ઑફર અંગે ચર્ચા વિચારણા કરી, આ પ્રસ્તાવને સ્વીકાર કરવા બાબત નિર્ણય લઈ આગળની કાર્યવાહી અંગે ટ્રસ્ટ બોર્ડને મંજૂરી આપવા વિશે. ૭) માતુશ્રી રતનબાઈ રાઘવજી કાનજી મોમાયા પરીવાર તરફથી સન ૨૦૦૯ના મહાજનને સોંપવામાં આવેલ મેડી (જે હવે રહેવા કે રીપેર કરવા લાયક ન હોવાથી) ના પ્લોટનું વેંચાણ વરાડીયાના કે અન્ય કોઈ ક.દ.ઓ. વ્યક્તિને કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય પગલાં લેવા ટ્રસ્ટને મંજૂરી આપવા બાબત. ૮ પ્રમુખ સાહેબની મંજૂરીથી અન્ય કાર્યવાહી.

**નોંધઃ** ૧) ઑડીટેડ હિસાબો તા. ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમ્યાન સાંજે ૫.૦૦ થી ૭.૦૦ ક. દરમ્યાન મુંબઈ કાર્યાલય, C/O દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, L B S માર્ગ, મુલુંડ (પ), મુંબઈ ૮૦ ખાતે તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.

૨) વાર્ષિકસભામાં હાજરી આપનારને કોવિડ વેકસીનેશનના બન્ને ડોઝની સર્ટિફિકેટ હાથવગી રાખવી તથા સરકારી આદેશોનું પાલન કરવાનું રહેશે.

૩) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહિ રહે.

૪) એજન્ડાને લગતા/શિવાયના સવાલો કે સુચનો મીટીંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખીતમાં મોકલી આપવા.

૫) સભા બાદ અલ્પાહાર ની વ્યવસ્થા છે.

લિ.

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ વતી**

**પદમ લાલજી લોડાયા (સેક્રેટરી) મો. 93228 27085**

**આરોગ્ય પ્રકાશ**

# તલ કાળા પણ ગુણ ઉજળા

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



તલના મુખ્ય બે પ્રકાર છે સફેદ અને કાળા તલ, કથ્થઈ તલ પણ હોય છે, પણ પ્રમાણમાં ઓછા. સફેદ તલમાં વળી બે પ્રકાર છે. સાદા તલ અને પોલીશ કરેલા તલ. ઓર્ગેનિક તલ કુદરતી ખાતર વાપરી કુદરતી રીતે કેમિકલ્સના ઉપયોગ વગર પકાવવામાં આવે છે. કાળા તલમાં બે પ્રકાર છે. એક ખાવામાં વપરાતા અને બીજા પૂજા-હવનમાં વપરાતા. પૂજામાં વપરાતા તલમાંથી સત્ત્વ કાઢી લીધેલા હોય છે. વિશ્વમાં તલના ઉત્પાદનમાં ભારત પહેલા નંબરે આવે છે. એમાંય ગુજરાતમાં વધુ ઉત્પાદન થાય છે.

કાળા તલ પસંદ કરતી વખતે તેનો રંગ ઘેરો કાળો હોય જોઈ લેવું ક્યારેક તેના પર ફૂગ લાગી જતી હોય તેવા તલનો ઉપયોગ ટાળવો. આયુર્વેદ અનુસાર તલની પ્રકૃતિ ગરમ છે તેથી ઠંડીમાં તેનો ઉપયોગ કરવાથી શરીરને ગરમાવો મળે છે, તેથી જ ઠંડીમાં તલના લાડુ, ચીક્કી અને કચ્ચરીયાનો બહોળો ઉપયોગ થાય છે. તલમાં રહેલા વિવિધ પૌષ્ટીક ગુણો પણ શરીરને મળી રહે છે જે આખા વર્ષ માટે શરીરમાં તેનો સંચય ઉપયોગી બની રહે છે. સામાન્ય રીતે ચીક્કી બનાવવા આપણે સફેદ તલ કે પૉલીશવાળા તલનો ઉપયોગ કરીએ છીએ. પૉલીશ તલનો ઉપયોગ તો ટાળવો જ જોઈએ કારણ પૉલીશ કરતાં તલના સત્ત્વો ઘટે છે. સફેદ તલની જેમ કાળા તલનો છૂટથી આહારમાં ઉપયોગ કરવો જોઈએ. કેમકે કાળા તલ સફેદ તલ કરતાં વધુ પૌષ્ટીક તત્ત્વો ધરાવે છે.

સામાન્ય રીતે કાળા તલનો કચ્ચરીયું બનાવવામાં અને આયુર્વેદિક દવાઓ બનાવવામાં છૂટથી ઉપયોગ થાય છે. તલના તેલનો આહારમાં ઉપયોગ થાય છે. કાળા તલમાં પ્રોટીન, કેલશિયમ, મેગ્નેશિયમ, કોપર, મેંગેનીઝ, આયર્ન, ઝીંક, ફાઈબર, કાર્બોહાઇડ્રેટ સાથે શરીરને આવશ્યક હેલ્ધી ચરબી (પોલીસેચ્યુરેટેડ ફેટ્સ) સી-સેમીન કમ્પાઉન્ડ, સેસમિન, સેસપોલીન નામના લીગ્નેન કમ્પાઉન્ડ જે એન્ટી ઓક્સીડન્ટ છે. વીટામીન-ઈ, વીટામીન-બી કોમ્પલેક્સ વગેરે પોષક તત્ત્વો સમાયેલા હોય છે.

કાળા તલનો આહારમાં સમાવેશ કરવાથી શરીરને શું શું ફાયદા થાય છે તે જોઈએ

**(૧) રોગ પ્રતિકારક શક્તિ વધારે:** કાળા તલ કોપર, આયર્ન, ઝીંક અને એન્ટીઑક્સિડન્ટથી ભરપૂર હોવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. શર્દી, ઉધરસ, ન્યુમોનીયા, ટી.બી., કોરોના જેવી ઘણી બિમારીમાં આ રોગ પ્રતિકારક શક્તિ ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તો આવી બિમારીઓ તરત જ લાગુ પડે છે તેથી જ આહારમાં કાળા તલનો ઉપયોગ કરવાથી આવી બિમારીઓથી દૂર રહેવાશે.

**(૨) ત્વચા માટે ગુણકારી :** કાળા તલમાં સેસમિન, સેસમોબીન નામક એન્ટીઓક્સિડન્ટ સમાયેલા છે જે શરીરમાં વિટામીન-ઈની માત્રા વધારે છે. વિટામીન-ઈ ત્વચાને સ્વસ્થ અને ચમકદાર રાખે છે. કાળા તલનો ઉપયોગ કરવાથી ત્વચામાં કરચલી જલ્દી પડતી નથી, કે ત્વચા જલ્દી લબડી પડતી નથી અને ત્વચાની ચમક જળવાય રહે છે.

**(૩) બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે :** કાળા તલમાં મેગ્નેશ્યમની માત્રા સારા પ્રમાણમાં હોય છે. બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવા મેગ્નેશ્યમ તત્ત્વ અત્યંત ઉપયોગી છે. તેમાં પોલીસેચ્યુરેટેડ હેલ્ધી ફેટ અને સેસમિન એન્ટીઓક્સિડન્ટ હોવાથી બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**(૪) વાળની તંદુરસ્તી માટે ઉપયોગી :** કાળા તલમાં વિટામીન-બી કોમ્પલેક્ષ તથા આયર્નની માત્રા સારા પ્રમાણમાં હોય છે. શરીરમાં આ તત્ત્વોની ઉણપ સર્જાય તો કસમયે વાળ સફેદ થવા કે ખરવા લાગે છે. વાળના આરોગ્ય માટે કાળા તલ અને આવળાનો ઉપયોગ અકસીર ગણાય છે. કાળા તલના તેલનો ઉપયોગ વાળમાં કરવાથી વાલની તંદુરસ્તી જળવાઈ રહે છે.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

**(૫) પાચન ક્રિયા સુધારવામાં મદદરૂપ :** કાળા તલમાં ફાયબરની માત્રા સારા પ્રમાણમાં હોય છે જે પાચનક્રિયામાં ખૂબ મદદ કરે છે એ ફાયબરને લીધે પેટ બરાબર સાફ થાય છે અને કબજીયાત હોય તો દૂર થાય છે. કાળા તલમાં સમાયેલ પ્રાકૃતિક તેલ પેટમાં થતાં કૃમિને પણ બહાર કાઢે છે. પાચનતંત્ર મજબૂત બનાવવાની સાથે તલ આંતરડાને પણ આરામ આપે છે.

**(૬) હાડકાને મજબૂત બનાવે :** કાળા તલમાં કેલશ્યમ અને ઝીંકનું પ્રમાણ ભરપૂર છે, તલના સેવનથી શરીરને અને હાડકાને કેલશ્યમ અને ઝીંક મળવાથી હાડકા અને દાંત બન્ને મજબૂત થાય છે, હાડકાનો ઓસ્ટીયોપેનીયા (હાડકા)માં કેલશ્યમ ઓછું થવું) અને ઓસ્ટીયોપોરોસીસ (હાડકાનું છિદ્રાળુપણું) થતું અટકે છે અને હોય તો ઓછું થાય છે, અને આમ હાડકા મજબૂત થવાથી હાડકા જલ્દી ઘસાતા નથી, સંધિવાત થતો નથી કે થોડું લાગે તો ફ્રેક્ચર થતું નથી.

**(૭) એન્ટી ઓક્સિડન્ટનો ફાયદો :** કાળા તલમાં એન્ટી ઑક્સિડન્ટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલ હોવાથી શરીરને પુષ્કળ ફાયદા થાય છે. કાનપુર સ્થિત ચંદ્રશેખર આઝાદ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેક્નોલોજી દ્વારા કરવામાં આવેલા કાળા તલ પરના સંશોધનમાં જાણવા મળ્યું છે કે એમાં સેસમિન અને સેસમોલીન નામના લીઝોન કંપાઉન્ડ સમાયેલા જોવા મળે છે જે એન્ટીઓક્સિડન્ટનો પ્રભાવ ધરાવે છે જે લીવરને અને શરીરને થતા ઓક્સિડેટીવ નુકશાનથી બચાવે છે.

**(૮) કેન્સરથી બચાવે :** કાળા તલમાં સમાયેલું લીગ્નેન નામનું સત્ત્વ એન્ટીકેન્સર પ્રભાવ ધરાવે છે, જે ખાવાથી શરીરમાં કેન્સરના સેલ વધવાની પ્રક્રિયા ધીમી પડી જતી હોય છે. વિવિધ કેન્સર જેવા કે બ્રેસ્ટ કેન્સર, લંગ કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર તથા બ્લડ કેન્સરથી બચવામાં મદદરૂપ બને છે. કેન્સરથી બચવા પૉલીશ કર્યા વગરના તલ અને કાળા તલનો આહારમાં ઉપયોગ કરવો જોઈએ.

આમ તલ ખાસ કરીને કાળા તલ આરોગ્યદાયી ગુણોનો ભરપૂર ખજાનો છે. એનો આહારમાં ઉપયોગ કરી તેના ગુણોનો ભરપૂર ફાયદો લઈએ.

Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
## પ્રેમાંજલી...ભાવાંજલી...શ્રધ્ધાંજલી...



# સ્વ. લતા ભરત પોલડીયા

**ગામ : ડુમરા • હાલે : મુલુંડ**

**જીવનયાત્રા : તા. ૧-૮-૧૯૬૪ થી તા. ૧૫-૨-૨૦૨૧ (ઉં.૫૬)**

આપ અમારી સાથે નથી હવે પરંતુ, તમારી વ્હાલસોયી યાદોના
અખુટ ભંડાર અમારા હૃદયમાં ધબક્યા કરે છે.
બધાને મદદરૂપ થવાની ભાવના, ઉદારતા, નિડરતા
અમે જીવનભર ભુલશું નહી.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અમો જીવનભર ભુલશું નહીં...
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...
હૈયે હતી વાત્સલ્યની ધાર, પરિવારના હતા તમે આધાર...
ભૂલ્યો ના ભૂલાશે આપનો અવિરત પ્યાર...
બસ કંઈક ખુંટે છે તો એ છે તમારું સાંનિધ્ય,
તમારો એ સાદ ને તમારો એ વ્હાલ...
ફળદાયી આશિર્વાદથી સદૈવ અમ હૃદયે
સ્મૃતિઓની સુગંધથી રહેશો મહેકતા...

**શ્રધ્ધા સુમન**

**સ્વ. સોનબાઈ શીવજી પુનશી પોલડીયા**
**સમસ્ત પરિવાર**

**અ.સૌ. ધનબાઈ માણેકજી ભવાનજી ભેદા**
**સમસ્ત પરિવાર**

**જીવનસાથી : ભરત શીવજી પોલડીયા**
**પુત્ર-પુત્રવધુ : જીલ ધવલ પોલડીયા**

BINITA S. MARU - 9869034162

# આઇ પ્રોમિસ, સ્ત્રી હોવાનું વિક્ટીમ કાર્ડ હવેથી નહીં રમું ! આઇ પ્રોમિસ

હવેથી હું મારા સ્ત્રી હોવાનું વિક્ટીમ કાર્ડ ક્યારેય નહીં રમું.

હું સ્ત્રી છું એટલે એવું નહીં કહું કે મને લાઇનમાં પહેલી ઉભી રહેવા દો.

હું સ્ત્રી છું એટલા માટે કોઇ પુરૂષે પોતાની જગ્યા છોડી મને બેસવા માટે જગ્યા નહીં કરી આપવી પડે.

મારા વાંકને છૂપાવવા 'સ્ત્રી સાથે વાત કરવાની તમીઝ છે કે નહીં?'–આવી બૂમો પાડી રસ્તા પર તમાશા નહીં કરું.

**આગામી મહિલા દિને આજની નારીની વિચારધારા**

મારા સ્ત્રીપણાંને આગળ ધરી બોસ પાસે ઓફિસમાં વિશેષ સવલતો નહીં માંગુ.

પિરિયડ્સનાં મૂડ સ્વીંગ્સની આડશે સંબંધોમાં મેં કરેલી ભૂલો નહીં છૂપાવું.

મારા માતૃત્વની મહાનતાને સાબિત કરવા મારા જ સગા બાળકોનાં મનમાં 'તારા પપ્પાને તો ઘરની કંઇ જ પડી નથી' એવી વાતો નહીં ઠસાવું.

સૌએ જુદા-જુદા પણ જીવનમાં સંઘર્ષો તો કરવા જ પડે છે એ વાત હું જાણી ગઇ છું, એટલે જીવનમાં મારે કરવા પડેલા સમાધાનો એ મારા જ નિર્ણયો, મારા જ સ્વભાવ કે મારી જ જીદનાં ભાગરૂપે હતા-એવું સ્વીકારી સ્ત્રી-સંઘર્ષની લાંબી ગાથાઓ વર્ણવી સહાનુભૂતિઓ નહીં ઉઘરાઉં.

હું બહુ સારી રીતે જાણું છું કે સ્ત્રી અને પુરૂષ એ ઇશ્વરનાં જુદાં સર્જન છે. સ્ત્રીનાં શરીરની રચના અને પુરૂષનાં શરીરની રચના જુદી છે. સ્ત્રીનું મન અને પુરૂષનું મન પણ જુદા છે. સ્ત્રીનો સ્વભાવ અને પુરૂષનો સ્વભાવ એક જેવા નથી. પુરૂષ એકસાથે દસ ઇંટ ઉંચકી શકવાનું બળ ધરાવે છે, એની મને ખબર છે. પણ-હું એક-એક કરીને વારાફરથી દસ ઇંટ લઇ જવાની કુનેહ ધરાવું છું, એની પણ મને ખબર છે. મારે પુરૂષની સાથે હરીફાઇમાં ઉતરવું નથી. ઇશ્વરે મને બાળકને જન્મ આપવાની શક્તિ આપી પુરૂષ કરતા ઉપરનાં સ્થાને મૂકી આપી છે-એવું હું હરગિઝ માનતી નથી. કારણ કે-હું જાણું છું કે પુરૂષનાં શુક્રાણુઓ વિના હું મારા બાયોલોજીકલ બચ્ચાને જન્મ આપી શકવાની નથી અને પુરૂષની ગેરહાજરીમાં બચ્ચાને સંપૂર્ણ રીતે ઉછેરી શકવાની પણ નથી. હું પુરૂષ સમોવડી નથી જ. હું પુરૂષને સમાન છું અને એ જ મારું સન્માન છે. એથી વિશેષ કોઇ જાહેર સન્માનો મારે જોઇતા નથી.

સ્ત્રી અને પુરૂષની સમાનતા એટલે જવાબદારીઓની સમાનતા એવું પણ હું માનતી નથી. એક મા તરીકે જો મારે બાળકનાં ડાયપર બદલવાનાં હોય તો પિતા તરીકે પુરૂષે પણ ડાયપર બદલવા જ-કે એક પત્ની તરીકે હું જો મારું ઘર છોડી પતિનાં ઘરે રહેવા જઇ શકતી હોઉં તો પતિએ પણ એનું ઘર છોડી મારા ઘરે રહેવા આવવું જોઇએ-એવા વાહિયાત મોર્ડન આદર્શો મારા નથી. શોખથી નોકરી કરતી સ્ત્રી રસોઇ પણ કરી શકે એ નાતે જવાબદારીઓ માટે નોકરી કરતા પુરૂષે પણ રસોઇ કરવાની જ-એ મારા માટે સમાનતા નથી. હું આવી સમાનતામાં માનતી નથી. હું ઘરની બધી જ જવાબદારીઓ સાચવી લઉં અને મારો પતિ બહારના મોરચે લડી લે-એ પણ એક સમાનતા છે.

મારા માટે સમાનતાનો અર્થ એકસરખાપણું એવું નથી.

સ્ત્રી અને પુરૂષ બેઉ ગાડાનાં એક-એક પૈડાં સમાન છે. ખાલી વિચારી જુઓ-કે જો ગાડાનું ડાબું પૈડું જમણાં પૈંડાનું કામ કરવા જાય અને જમણી બાજુ આવી જાય તો ડાબી બાજુએથી ગાડુ નીચે બેસી જાય. જમણું પૈડું જો જમણી સાઇડ અને ડાબું પૈડું જો ડાબી સાઇડ સંભાળે તો અને તો જ ગાડું સલામત રહી શકે. ઘણીવાર સ્ત્રી અને પુરુષ એકબીજાનાં ક્ષેત્રમાં ઘૂસી જાય છે અને પરિણામે ઘર, પરિવાર, બાળક, સંબંધ બધું જ એકબાજુ નમી જાય છે.

હા, હું પૈસા કમાઉં છું. કારણ કે-હું ઇચ્છું છું કે મારા પતિની જેમ જ મારું પોતાનું પણ બેંક બેલેન્સ હોય. ખુદનાં કમાયેલા પૈસામાંથી વાળમાં કેરેટીન કરાવવાનું કે મારા મોબાઇલનું બિલ ભરવાનું કે શોપિંગ કરવાનું મને વધારે ગમે છે. લગ્ન વખતે મારી સલામતી માટે મળેલું સ્ત્રી-ધન મને મંજૂર નથી. મારું સ્ત્રી ધન મારે મારી જાતે ઊભું કરવું છે અને એને જાળવી પણ રાખવું છે.

પતિનાં પૈસા પર મારો અધિકાર છે પણ માત્ર મારો જ અધિકાર નથી. મારી બહેનપણીઓ ક્યારેક મને મારા પતિનાં વોલેટમાંથી ચૂપકેથી પૈસા કાઢી લેવા ઉપસાવતી હોય છે. પણ-હું આવું કરતી નથી. કારણ કે જો લગ્નજીવનમાં પત્ની પર કરાતી શારીરિક બળજબરીને તમે બળાત્કાર ગણતા હોવ તો પત્નીએ પતિને કહ્યા વિના-ચૂપકેથી એનાં વોલેટમાંથી કાઢી લીધેલા પૈસાને કાયદેસર ચોરી ગણવી જોઇએ. પતિની જાણ બહાર પોતાનાં ભાઇ-બહેન કે મમ્મીને આપી દેવાતી વસ્તુઓ કે પૈસાને ચારસોવીસી

(અનુસંધાન પાના નં. ૧૯ ઉપર)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

## જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી હરીશભાઈ નરશી ધરમશીને ગીરનાર એવોર્ડ



શ્રી હરીશભાઈ નરશી ધરમશી સુથરી(મુલુંડ)-(એચ.ડી. ફાયર પ્રોટેક્ટ)ને બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ તરફથી ઉદ્યોગ માટેનો પ્રતિષ્ઠિત ગીરનાર એવોર્ડ અર્પણ કરાયો હતો.

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

સંસ્થા દ્વારા આગામી ૩૦ તથા ૩૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ છેલ્લા બે દાયકા કરતાં પણ વધુ સમયથી લોકપ્રિય વાર્ષિક અનાજ તથા મસાલા વિતરણ પ્રકલ્પનું આયોજન પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર ( પશ્ચિમ ) ખાતે કરવામાં આવ્યું છે. સ્ટોલ બુકિંગ માટે શ્રીમતી પારૂલ મોતા (૯૩૨૨૨૮૦૫૨૯) તથા શ્રીમતી વિરાજ ધુલ્લા (૯૮૨૦૯૬૬૯૬૬) નો સંપર્ક કરી શકાશે.

શ્રી લખ – લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાય ફંડની પ્રેરણાથી, આ ઉપક્રમમાં 'કેડીઓ' જ્ઞાતિની મહિલા સાહસિકો દ્વારા બારેય માસ ભરવા યોગ્ય શુદ્ધ અનાજ, મસાલા, સુકવણી, હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓ તથા ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓ હોલસેલ ભાવે રાખવામાં આવનાર છે. બન્ને દિવસે વિતરણનો સમય સવારે ૧૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધીનો રહેશે. થેલી–થેલા સાથે લાવવા ખાસ વિનંતી. ગયા વર્ષે પરબે, 'દીવાળી ગિફ્ટ હેમ્પર' તેમજ 'સ્વાસ્થ્ય સંજીવની' અંતર્ગત "Immunity and Beyond' વિષયક ઓનલાઇન ફિટનેસ પ્રોગ્રામ તથા વેબિનાર સત્રો, એ બે પ્રકલ્પો ખૂબ જ સફળતાપૂર્વક પાર પાડ્યા હતા.

### સખી વૃંદ મહિલા મંડળ પુણે ની અનોખી પહેલ



સખી વૃંદ દ્વારા પ્રકાશક ઈ- બુક શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિની સામાજિક વિધિઓ અને તેના ઉદ્દેશ પર આધારિત છે. જેમાં જન્મ, લગ્ન, મરણ જેવા સામાજીક પ્રસંગોમાં થતાં રીતરિવાજોની ઊંડાણપૂર્વક જાણકારી આપવામાં આવેલ છે.

પૂર્વ પ્રમુખ કલ્પના દુષ્યંત લાપસીયાના સમાજ માટે કંઈક નવું કરવાના વિચાર અને પ્રમુખ મીતા પ્રશાંત લાલકાના સાથ સહકાર હેઠળ આ ઈ બુકનું વિમોચન થઈ રહ્યું છે.જેના મુખ્ય રચયિતા છે સખીવૃંદ મહિલા મંડળના માજી પ્રમુખ પુષ્પા માણેકજી લોડાયા અને મંડળના સહ સ્થાપક લતા દિનેશ મોમાયા. આ બુકનું પ્રસારણ તથા વિતરણ પીડીએફ ફાઈલના સ્વરૂપે ઓનલાઈન નિઃશુલ્ક કરવામાં આવશે જેની જાહેરાત અમે ટૂંક સમયમાં જ કરીશું.

### શ્રી નેમ યુથ ફોરમ-મોટી સિંધોડી

સંસ્થાના ઉપક્રમે અને માતુશ્રી ધનબાઈ પ્રેમજીભાઈ લોડાયા પરિવાર દ્વારા આયોજીત વનડે પીકનીક/ગેટ ટુ ગેધરનું આયોજન તીન મંદિર, બોરીવલી(ઈ) મધ્યે યોજાયેલ. આપણી જ્ઞાતિના અગ્રણી શ્રી રાજેશભાઈ લોડાયા (દોસ્તી ગ્રુપ) ના સાનિધ્યમાં યુથ ફોરમના મિત્રોએ વિચારોની આપલે કરી. જેમાં આપણી જ્ઞાતિ તેમજ આપણા ગામને સ્પર્શતા લગભગ બધાજ વિષયો ઉપર બે કલાકથી પણ વધુ સમય માટે ચર્ચા વિચારણા થઈ.

મોટી સિંધોડી ગામના દેશાવરમાં વસતા ૧૮ થી ૪૦ વરસના યુવા મિત્રો આ ગ્રુપમાં જોડાઈ શકે છે.

સંપર્ક : શ્રી ચિંતન લોડાયા-98700 78456.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી – તેરા (માટુંગા). પરિવર્તન સંસારનો નિયમ છે.**

**વતનના વર્તમાન**
**સંકલન : કેસરસિંહ ખોના**

### પાસ થયા

ચિ. મોના, અ.સૌ. શીલા નીતિન ખેતશી શિયાડ-જખૌ (ડોમ્બીવલી)ના પુત્રી સીએ ફાઈનલ પરીક્ષામાં પાસ થયા છે. ચિ. મોના માતુશ્રી ગંગાબાઈ ખેતશી શિયાડના પૌત્રી અને માતુશ્રી લક્ષ્મીબાઈ વાલજી શામજી ખોના-નલિયાના દોહિત્રીને સીએ થવા બદલ અભિનંદન.

### રાયમલ લધાની પ્રતીમાનો પાટોત્સવ ઉજવાયો

વાગડના રાપર વિસ્તારમાં નર્મદાનીરના પ્રવેશ પ્રસંગે નિર્માણ થયેલા નર્મદામૈયાના મંદિર અને રાયમલ લધાની પ્રતીમાનો પાટોત્સવ ઉજવાયો.

### ભુજ-નલિયા બ્રોડગેજ

વરસોથી ગેજ બદલી કાર્યક્રમ અધ્ધર લટકેલું છે તે ભુજ-નલિયા બ્રોડગેજનું કામ દેશલપર સુધી પૂરૂં થઈ ગયું છે. અને તાજેતરમાં દેશલપરથી બેન્ટોનાઈટની એક ૪૫ રેકની માલગાડી કલકત્તા માટે રવાના થતાં આ ગેજ કન્વર્ઝન ટૂંકમાં પૂરૂં થવાની આશા સેવાય છે.

### ભચાઉ સ્થાપના દિન

૨૦૨૧ના ગોઝારા ભૂંકપમાં ભૂસોત થયેલું ભચાઉ નગર નવ વિકાસના પંથે ઝડપથી આગળ ધપી રહ્યું છે.

મહાસુદ નોમના દિને મહારાજાઓ ખેંગારજી બીજાના અનુજ રામસંગજી જાડેજાને મળેલી જાગીરમાં તેમણે સંવત ૧૭૦૫ના માગસર સુદ ૯ના દિને ભચાઉના કિલાની સ્થાપના કરી હતી. અત્રે નોંધવું જોઈએ કે રામસંગજી અને તેમના કુંવર ભુજ પર બુલંદખાનના આક્રમણ સામે યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા.

મૂળ ભચાઉના મોભી વિરેન્દ્રસિંહજી જાડેજા પ્રજામાં અનોખું માનભર્યું સ્થાન ધરાવે છે. ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, સાંસદ વિનોદભાઈ ચાવડાનો 'કચ્છના પ્રવેશ દ્વાર ભચાઉ'નું આયોજન જોરશોરથી ચાલી રહ્યું છે. ત્યારે ભચાઉ નગરપાલિકા કચેરી સામે સંસ્થાપક વીર રામસિંહજી જાડેજાની પ્રતિમાનું પૂજન કરી ઉત્સવનું આયોજન થશે.

### રાષ્ટ્રીય સિંધી સમાજના જિલ્લા ઉપપ્રમુખ

રાષ્ટ્રીય સિંધી સમાજના જિલ્લા ઉપાધ્યક્ષ પદે સ્થાનિક માનવતા ગ્રુપના પ્રમુખ ગોવિંદભાઈ દનીચાની નિમણુંક કરવામાં આવી હતી.

સિંધી સમાજના રાષ્ટ્રીય પ્રમુખ કમલ વર્ધની, મહામંત્રી જયદીપ માખીજાણી, સંરક્ષક રિતી ભાટીયા અને ગુજરાત પ્રદેશ સિંધી સમાજના ઉપપ્રમુખ મહેશ આહુજાના પરામર્શથી આ નિમણુંક કરવામાં આવી હતી.

### ગાંધી શિલ્પ બજાર

તાજેતરમાં ભુજના ગાંધી શિલ્પ બજારમાં કસબીઓએ જાતે તૈયાર કરેલી હસ્તકળા, કસબની વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ પાર પડ્યું. બાર રાજ્યોની પ્રખ્યાત વસ્તુઓ રજુ થયેલી. આ વસ્તુઓમાં તામિલનાડુની વિખ્યાત કોટન સિલ્ક સાડીઓ, વેસ્ટ બંગાલની ટેરાકોટા મુર્તિઓ, શ્રીનગરની નવી વેરાયટીના ચંપલ અને પર્સ, પુરદીન નગર યુપીની કળાત્મક કટલરી, હસ્ત નિર્મિત પર્સ, બેગ, ભોપાલની ઝરદોસીની આઈટમો વગેરે ઉપરાંત કલમકારી, ડ્રાય ફ્લાવર, કાર્પેટ, ભરતકામ, મેટલ આર્ટવર્ક જેવી અસંખ્ય વસ્તુઓના વેચાણ માટે સરસ પ્રતિભાવ મળેલો.

સરકાર તરફથી કારીગરોને આવવા જવાનું ભાડું અને મફત સ્ટૉલ આપવામાં આવ્યા હતા.

### કચ્છની ઊંટડી કેરાલામાં

કચ્છી ઊંટડીનું દૂધ ખૂબ ઊંચી ગુણવત્તાનું જણાયું હોવાથી અમુલની સહયોગી સરહદ ડેરી દરરોજ ૪૦૦ લીટર દૂધ પ્રોસેસ-વેચાણ કરે છે. આ બાબતની માહિતી કેરાલા પહોંચતાં ત્યાંથી એક વ્યવસાયિક કચ્છથી ચાર ઊંટડી દરેકના રૂા. ૪૨,૦૦૦ના ભાવે ખરીદીને લઈ ગયા છે. સાથે જ એમની સારસંભાળ માટે સ્થાનિક માલધારીને સાથે લઈ ગયા છે. કચ્છની ઊંટડી સરેરાશ ૧૨ લીટર દૂધ દૈનિક આપે છે. અને ઊંટડી લઈ જનાર કેરલના વ્યવસાયી મનીક નંદન જણાવે છે કે ઊંટડીના દૂધના રૂા. ૪૦૦ પ્રતિ લીટરનો ભાવ મળી શકે છે.

### જસ્ટીસ સુજ્ઞાબેન ભટ્ટના નામે અનોખું વિક્રમ

કેરાલા હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ અને ઓબીસી પંચના ચેરમેન સુજ્ઞાબેન ભટ્ટનું તા. ૧૦.૨.૨૦૨૨ના દિને ૮૧ વર્ષની વયે નિધન થયું. સુજ્ઞાબેન ભટ્ટના નામે બે વિક્રમ નોંધાયા છે. પ્રથમ ૧૯૯૪માં ગુજરાત હાઈકોર્ટમાં એડીશનલ જજના પદે બઢતી મેળવનાર પહેલા મહિલા ઓબીસી (અન્ય પછાત વર્ગ પંચ)ના છેલ્લા ૨૦ વરસથી આજીવન પ્રમુખ રહ્યા. એક જ પંચ/કમિશન પર આટલી

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

દીર્ઘાવધી સેવા આપવાનો આ વિક્રમ કદાચ ટૂટવાનો નથી.

**જળચર પક્ષીઓની સંખ્યા નિરાશાસ્પદ**

વેટલેન્ડ ઈન્ટરનેશનલના નેજા હેઠળ દર વરસે પેલિકન નેચર ક્લબ દ્વારા વર્ષ ૧૯૮૭થી શરૂ કરવામાં આવેલી કચ્છના જળચર પક્ષીઓની ગણતરી કરાય છે. આ ગણતરીથી સ્પષ્ટ થાય છે કે કોઈ અગમ્ય કારણોસર જળચર પક્ષીઓની સંખ્યા નોંધપાત્ર જણાતી નથી.

ક્લબના પ્રમુખ નવીનભાઈ બાપટના જણાવ્યા પ્રમાણે કચ્છના ૩૦ જેટલા મોટા અને નાના જળાશયોમાં જોવા મળતા જળચર પક્ષીઓની હાજરી નિરાશાસ્પદ છે. વિજયસાગર, ટપ્પર, ડોણ, શિણાય વગેરે મોટા જળાશયોમાં પણ બગલા-બતક વગેરે ની હાજરી નહીવત હતી. આ ૩૦ જળાશયોમાં માત્ર ૧૦,૪૬૯ પક્ષી નોંધાયા હતા. મોટા ભાગની સંખ્યા ભગતડા અને માંડવી વિસ્તારમાં 'ગલ' પક્ષીઓ જોવા મળ્યા હતા. કુલ જળચર પક્ષીઓની ૨૦૨૦ના વરસે સંખ્યા ૬૪૮૩૩ જેવી જાણવા મળી છે.

**આપણી બાબાણી કચ્છી**

કચ્છી ભાષા ઘણી જૂની છે. એના શબ્દ ભંડોળનો મોટો ભાગ સિંધીના શબ્દ ભંડોળથી મળતું છે જ્યારે પંજાબીમાં પણ અનેક શબ્દો સમાનતા ધરાવે છે. જેમ કે (વહુ)-નૂં-નોં, પૃથમી-(પૃથ્વી)-પ્રથમી, પે-પિઓ(પિતા), ગલ-ગાલ આદિ.

કચ્છી બોલનારાઓ-કચ્છી ભાષીઓની એકલા આપણા દેશ ભારતમાં અંદાજે ૧૯,૭૩,૦૦૦ છે. આ ઉપરાંત જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં ત્યાં પરિવારોમાં આજે પણ કચ્છી ભાષા પ્રચલનમાં છે. એ દેશોમાં પાકિસ્તાન, ટ્રિનીડાડ, ટોબેગો, યુ.કે. (બ્રિટેન), અમેરિકા, કેનેડા, માલાવી, મોઝામ્બિક, દ. આફ્રિકા, પોર્ટુગલ, યુએઈ, કેનિયા, યુગાન્ડા, ટાંઝાનિયા, ઈરાન, ચીન, સિંગાપુર, હોંગકોંગ વગેરે. લગભગ ૩૦ થી વધુ દેશોમાં કચ્છી પરિવારો એકાધિકથી વધુ સંખ્યામાંછે. તો જ્ઞાતિએ જ્ઞાતિએ, વિસ્તારે વિસ્તારે થોડો ઘણો ફર્ક છે. કચ્છીની એક વિશિષ્ટતા એના ઉચ્ચારણ છે. લગભગ બધી જ માત્રાઓ ત્રણ પ્રકારમાં છે. આથી લખવા આ બોલવામાં વધારાની ત્રીજી માત્રાના કારણે તકલીફ પડે છે. એ અડચણ દૂર કરવામાં વિદ્વાન સંશોધક મણીલાલ ગાલાએ ત્રીજા પ્રકારના ઉચ્ચારણની માત્રા તૈયાર કરી કૉમ્પ્યુટર ફોન્ટ બનાવેલા છે અને 'વાઘોડ' વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**આઈ પ્રોમીસ પાના નં. ૧૫થી ચાલુ...**

ગણવા જોઈએ.

મારા પતિ આગળ, મારા પરિવાર આગળ, મારા દોસ્તો આગળ, મારા સંતાનો આગળ, આખા સમાજ આગળ સ્ત્રી હોવાનું વિક્ટીમ કાર્ડ રમી-રમીને મેં સહાનુભૂતિનો આખેઆખો ભંડાર ભેગો કર્યો છે. આ દિવાળીએ આ ભંડારની મારે સફાઇ કરી નાંખવી છે. દિવાળીનાં દિવસોમાં ઘરની સફાઇ કરવી મારી ફરજ હોય તો મારા મનની સફાઇ કરવી એ પણ મારી જવાબદારી હોવી જોઇએ. આ દિવાળીએ હું મારા મનની સફાઇ કરવા માંગુ છું. મનમાં, દિલમાં, દિમાગમાં સાચવી રાખેલા સ્ત્રીપણાંનાં પ્લેકાર્ડને તોડી-ફોડીને ફેંકી દેવા માંગું છું.

હું પ્રોમિસ આપું છું કે-સ્ત્રી-પુરૂષની સમાનતામાં માનતી હું હવેથી મારા સ્ત્રીપણાંને આગળ નહીં ધરું. મારા આંસુઓને હથિયારની જેમ નહીં વાપરું. લાગણીઓને આગળ ધરી કોઇને પણ બ્લેકમેલ નહીં કરું. સહાનુભૂતિઓ નહીં ઉઘરાવું. મારા મનથી કરેલા સમાધાનોનો બોજ બીજા કોઇનાં દિલ પર નહીં નાંખું. ઘર માટે, પરિવાર માટે લાગણીથી કરેલી કોઇપણ વાતને વૈતરાં નહીં ગણાવું. મેં તો તમારી પાછળ મારી જાત ઘસી નાંખી કે મારી આખી જીંદગી તમારી પાછળ ખર્ચાઇ ગઇ-જેવા વાહિયાત વિધાનો નહીં કરું. લાગણીઓનાં પાઠ ભણાવવા ખોટું નહીં બોલું. તમે તમારી જીંદગી સારી રીતે જીવી શકો એ માટેની બધી જ વ્યવસ્થા કર્યા પછી હું મારી જીંદગી પણ જીવીશ અને પૂરી મસ્તીથી જીવીશ.

આગામી મહિલા દિવસે અરીસા સામે ઊભા રહીને હું મારી જાતને આ બધા જ પ્રોમિસ આપવાની છું. તમે પણ અરીસા સામે ઊભા રહી જાતને થોડા પ્રોમિસ આપજો !

**-એશા દાદાવાલા (વૉટ્સએપમાંથી સાભાર)**

**ચાલો શ્રી ચક્રેશ્વરી માતાજીના પ્રાચિન મંદિર અતેવલી (પંજાબ) સાથે સીમલા - કુફરી - ચેઈલ, ચંદીગઢ પ્રવાસ :** શ્રી ચક્રેશ્વરી માતાજીનું ૪૦૦ વર્ષ પ્રાચીન મંદિર અતેવલી (પંજાબ) સાથે સીમલા - ચંદીગઢ, સીમલામાં કુફરી - ચેઈલ રીસોર્ટમાં બે રાત્રી રોકાણ. ચંદીગઢ સાઈડસીન, મુંબઈથી તા. ૨૧.૩.૨૨ના સાંજે ટ્રેન દ્વારા જવાનું. તા. ૨૭.૩.૨૨ના રાત્રે પાછા. વ્યક્તિ દીઠ રૂા. ૧૩૫૦૦/-

**ચાલો મણીલક્ષ્મી તીર્થ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોઈચા. સ્ટેચ્યુમાં ૪ સ્ટાર હોટલમાં રહેવાની મજા :** મણીલક્ષ્મી તીર્થ, ખંભાત તીર્થ, ૐકારતીર્થ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નિલકંઠ ધામ - પોઈચા, સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૪ સ્ટાર હોટલમાં એક રાત્રી એ.સી. રૂમમાં રહેવાનું. મણીલક્ષ્મી તીર્થમાં લાઈટીંગ - ફુવારા વ. જોવાની મજા. મુંબઈ તા. ૭.૪.૨૨ના રાત્રે ટ્રેન દ્વારા જવાનું. તા. ૧૧.૪.૨૨ના સવારના પાછા. વ્યક્તિ દીઠ રૂા. ૫૧૦૦ + ૪૦૦ સ્ટેચ્યુની એન્ટ્રી ટીકીટના ટોટલ રૂા. ૫૫૦૦. **સંપર્ક : રમણ શેઠીયા -** 9656271302/9372971397


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**





# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૧.૨૦૨૨ | બેંગલોર | આરા, ધ્વની જતિન નાગડા | ગોએરસમા | પુત્રી |
| ૨૩.૦૧.૨૦૨૨ | ગાંધીધામ | પ્રાંજલ, રૂપલ પુનીલ દંડ | તેરા | પુત્રી |
| ૨૮.૧.૨૦૨૨ | ભરૂચ | યશ્વી, મયુરી સૌરભ નાગડા | નલિયા | પુત્રી |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૧.૨૦૨૨ | ભાંડુપ | હર્ષ ભૂપેન્દ્ર માણેકજી લાપસિયા | કોઠારા | ૨૬ |
| | અંકલેશ્વર | અક્ષિતા કપિલ મહેન્દ્ર નાગડા | નલિયા | ૨૪ |
| ૧૫.૦૧.૨૦૨૨ | ઈન્દોર | પ્રણવ ધર્મેન્દ્ર મહેન્દ્ર ધરમશી | કોઠારા | ૨૯ |
| | કોચીન | કોમલ હરીશ લખમશી દંડ | તેરા | ૨૮ |
| ૨૪.૦૧.૨૦૨૨ | નવી મુંબઈ | કુણાલ રાજેશ રાયચંદ ખોના | સુથરી | ૩૦ |
| | બેંગલોર | રિચાલી વિનોદ દેવજી મૈશેરી | નલીયા | ૨૮ |
| ૦૫.૦૨.૨૦૨૨ | ડોમ્બીવલી | રોહન જિતેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | તેરા | ૨૯ |
| | ડોંબિવલી | રૂચી અજય ગોવિંદજી ભેદા | વારાપધર | ૨૬ |
| ૧૩.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | હિમેશ મહેશ ખેતશી ધુલ્લા | સુથરી | ૨૫ |
| | થાણે | પ્રિયંકા રાજેન્દ્ર કુંવરજી લાલકા | બાંઢીયા | ૨૫ |
| ૧૪.૦૨.૨૦૨૨ | જામનગર | મિતેશ જયંતીલાલ રૂપશી દંડ | સેવક ભરૂડિયા | ૨૮ |
| | ડોમ્બીવલી | હિલોની હિમતલાલ જેઠાલાલ લાપસિયા | રંગપુર | ૨૪ |
| ૧૪.૦૨.૨૦૨૨ | પાચોરા | શુભમ કિરીટકુમાર ભવાનજી લોડાયા | વારાપધર | ૨૩ |
| | જલગામ | પૂજા તેજકુમાર દેવશી ખોના | મંજલ રેલાડીયા | ૨૨ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૨ | સિહોર | પ્રતિક દિલીપ લખમશી શાહ (છેડા) | નલિયા | ૩૧ |
| | સિહોર | પૂનમ રામચંદ્ર રામભરોસે ગુપ્તા | સિહોર | ૨૮ |
| ૧૮.૦૧.૨૦૨૨ | ભાંડુપ | અજય અમિત વિજય ખોના | નલિયા | ૩૦ |
| | મુલુંડ | પ્રિયા પરેશ સુખલાલ મોદી | રાજકોટ | ૨૬ |
| ૦૪.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | હિમાંશુ કિરણભાઈ શાંતિલાલ હમીરાની | બોટાદ | ૨૮ |
| | ડોંબિવલી | જિનલ ઉત્તમ કેશવજી શિયાલ | જખૌ | ૨૨ |
| ૦૫.૦૨.૨૦૨૨ | હુબલી | કરણ જયેશ લક્ષ્મીચંદ શિયાલ | જખૌ | ૩૧ |
| | ડોમ્બીવલી | રિદ્ધિ રમેશ ભવાનજી ગાલા | વાંઢ | ૩૧ |
| ૦૫.૦૨.૨૦૨૨ | થાણે | મોહિલ રાજેન્દ્ર ભવાનજી ગડા | ગોએરસમા | ૨૬ |
| | થાણે | હિરલ જગદીશ ગંગારામ ચંદે | મઉં | ૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૨.૨૦૨૨ | ઘાટકોપર | વિનય નરેન્દ્ર રતિલાલ શાહ | નિંગાલા | ૩૧ |
| | ઘાટકોપર | અદિતિ બીરેન ધનપતિ લોડાયા (શાહ) | નલિયા | ૨૫ |
| ૦૯.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | જય પ્રતાપ દામજી લોડાયા | તેરા | ૨૯ |
| | ચેમ્બુર | કિંજલ જયકુમાર વિજયકુમાર સંપત | જોડિયા | ૨૮ |
| ૧૦.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | જય જગદીશ દલપતરાય દોશી | ખાંભા | ૩૧ |
| | મુલુંડ | યેશા દિલીપ મણીલાલ ખોના | સુથરી | ૨૯ |
| ૧૧.૦૨.૨૦૨૨ | મુલુંડ | ધવલ હર્ષદ ભગવાનજી જોબનપુત્રા | આમરણ | ૨૭ |
| | મુલુંડ | જસ્મીન હિરેન માણેકજી મૈશેરી | સિંઘોડી નાની | ૨૬ |

**જ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૦૧.૨૦૨૨ | મુલુંડ | ખંતીલ કિશોર સોમચંદ ખોના | સુથરી | ૨૯ |
| | મુલુંડ | વિધી દૈલેશ કુમારપાલ મોમાયા | વરાડીયા | ૨૫ |
| ૨૨.૦૧.૨૦૨૨ | ડોંબિવલી | પ્રિન્સ વિનીત ધનજી ધરમશી | કોઠારા | ૨૭ |
| | ડોંબિવલી | કાજલ જવેરચંદ દામજી મૈશેરી | નાની સિંઘોડી | ૨૬ |
| ૨૩.૦૧.૨૦૨૨ | મુલુંડ | આકાશ વિજય નારાણજી ધરમશી | સાંયરા | ૨૭ |
| | નવી મુંબઈ | કુંજલ અજય દામજી લોડાયા | સાંયરા | ૨૬ |
| ૨૩.૦૧.૨૦૨૨ | મુલુંડ | નિકુંજ કાર્તિક કુંવરજી દંડ | સુથરી | ૨૬ |
| | મુલુંડ | ધ્વની નિલેશ સોમચંદ મોમાયા | સુથરી | ૨૬ |
| ૨૫.૦૧.૨૦૨૨ | ભાંડુપ | નિરવ મહેન્દ્ર ઠાકરશી મોતા | રાપર | ૨૯ |
| | ખંડવા | નિરાલી નિરજ નવીનચંદ નાગડા | લાલા | ૨૪ |
| ૦૫.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | સુરજ યતિન ધનજી મૈશેરી | સાંધાણ | ૩૨ |
| | ડોંબિવલી | ડિમ્પલ કુલિન શીવજી લોડાયા | આરીખાણા | ૨૯ |

**આંતરજ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૨૦૨૨ | ભાંડુપ | પંકિલ હરીશ નવીનચંદ્ર નાગડા | રંગપૂર | ૨૮ |
| | મુલુંડ | કરીશ્મા દીપક નારાયણદાસ અડવાણી | | ૨૮ |
| ૨૨.૦૧.૨૦૨૨ | પૂના | મયંક ભરત લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૩૨ |
| | સિલીગુડી | પૂજા કૈલાશચંદ મંગતરામ અગરવાલા | હિસર | ૨૮ |
| ૨૪.૦૧.૨૦૨૨ | વિરાર | સૌમોજિત પરેશચંદ્ર ખગેન્દ્રનાથ બિસ્વાસ | દુર્લવપુર | -- |
| | ઠાકુરલી | મિનલ પંકજ ગોવિંદજી મૈશેરી | સાંધાણ | ૩૭ |
| ૨૩.૦૧.૨૦૨૨ | ઘાટકોપર | આદિત્ય હસમુખ રવજીભાઈ પરીખ | ખસ | ૩૧ |
| | મુલુંડ | નિકિતા વિમલ ગોવિદજી ખોના | કોઠારા | ૩૧ |
| ૦૫.૦૨.૨૦૨૨ | ઇંદોર | અક્ષત રાજેશ મુલચંદ છેડા | સુજાપુર | ૨૮ |
| | ઉદયપુર | કીનલ દિલીપકુમાર મોતીસિંહ ચેલાવત | ઉદયપુર | ૨૮ |

**આંતરજ્ઞાતિ લગ્ન છુટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૮.૨૦૨૧ | ભાંડુપ | ઉમંગ અશ્વિન ધનજી મૈશેરી | જખૌ | ૩૪ |
| | મુલુંડ | ગ્રીષ્મા કિરણ દેવરાજ લોડાયા | સાંધવ | ૩૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | આકાશ દેવેન્દ્ર હીરજી ધરમશી | તેરા | ૩૧ |
| | હૈદરાબાદ | રશ્મી નીતિન ભીકુભાઈ લોડાયા | સાંધવ | ૨૯ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૨.૨૦૨૨ | ચીયાસર | નેણબાઈ હિરાચંદ મોતા | લાલા | ૮૩ |
| ૦૧.૦૨.૨૦૨૨ | જલગામ | પ્રમિલાબેન જયચંદ મૈશેરી | લાલા | ૭૪ |
| ૦૩.૦૨.૨૦૨૨ | સાયન | ભારતીબેન ચીમનલાલ શિયાલ | જખૌ | ૭૭ |
| ૦૪.૦૨.૨૦૨૨ | અગાસ | મધુરીબેન રતિલાલ નાગડા | નલીયા | ૮૯ |
| ૦૪.૦૨.૨૦૨૨ | નાગપુર | ગુણવંતીબાઈ રતીલાલ મૈશેરી | જખૌ | ૯૪ |
| ૦૪.૦૨.૨૦૨૨ | અંજાર | નિર્મળાબેન હેમરાજ ધરમશી | નાની સિંધોડી | ૮૨ |
| ૦૫.૦૨.૨૦૨૨ | જામનગર | ધનજી ચાંપસી લોડાયા | જખૌ | ૮૨ |
| ૦૬.૦૨.૨૦૨૨ | ભાંડુપ | લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ શિયાલ | જખૌ | ૭૧ |
| ૦૬.૦૨.૨૦૨૨ | ભાંડુપ | નિતીન પદમશી મોતા | નલિયા | ૫૬ |
| ૦૮.૦૨.૨૦૨૨ | ભાંડુપ | તરલાબેન નટવર શાહ (મિસ્ત્રી) | – | ૭૩ |
| | | (મેગબાઈ ખીમજી દેવશી લોડાયા-(સાંયરા)ની પુત્રી) | | |
| ૦૯.૦૨.૨૦૨૨ | કલીકટ | વિમલાબેન હિરાચંદ છેડા | સુજાપૂર | ૭૮ |
| ૧૪.૦૨.૨૦૨૨ | જલગામ | નવીનચંદ્ર ચંદુલાલ દેશર ખોના | વાંકૂ | ૮૧ |
| ૧૪.૦૨.૨૦૨૨ | ઘાટકોપર | ગુલાબચંદ નારાણજી પોલડીયા | બાયઠ | ૮૦ |

**નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Laxmichand Umarshi Maisheri** (PS-1485)
102, Silver Heights, S.N. Road, Tambe Nagar,
Opp. Shanti Industrial Estate, Mulund (West)
Mumbai MH- 400 080.
M. : 98210 84972.

**Shri Vishal Shashikant Lodaya** (PS-7293)
2A/304, Surbhi Complex, M.G. Road,
Cross Road No.1, Sai Nagar,
Near Kala Hanuman Mandir, Kandivali (West)
Mumbai, MH - 400 067.
M.: Vishal-90299 77115/Vibha-75062 21167.

**Shri Niranjan Padamshi Dagha** (PS-3232)
Flat No 10, 2nd Floor,
Jay Malhar Housing Society Ltd.,
Gopal Nagar Lane No. 2,
Dombivli (East), MH - 421 201.
M.: 98338 37681.

**Shri Ketan Lakhamshi Dand** (PS-5443)
402, 4th Floor, Swami Darshan Enclaves,
Sadashiv Nagar,
Wathoda Layout,
Nagpur, MH - 440 008 .
M.: 94800 56473, 94490 76473.

**Shri Khushal Hirji Chheda** (PS-5706)
12, Tarak, Sarvodaya Colony,
Near Water Tank,
Gadag, KR - 582 103 .
M.:90355 61109 - Khushal /
99160 08151-Bharti.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની
નોંધ હવેથી **kdoaddress@gmail.com**
ઉપર મોકલવા વિનંતી છે.

BEING JAIN

# Ego – The Invisible Entrapper



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Our thought processes are usually centred around 'I', 'ME', 'MINE' and our actions too are based on what we think. In simplest words, this I, ME and MINE means Ego or Maan Kashay. Ego is a person's sense of self-importance. This Ahankaar/ Ego/Pride/Vanity makes one look down on others, ignore their virtues and takes pleasure in showcasing his or her own qualities.

According to our Scriptures, based on the source, ego can be categorised in 8 different types:

**Ego of knowledge,**
**Ego of wealth,**
**Ego of family,**
**Ego of race (caste),**
**Ego of body (beauty),**
**Ego of power/strength,**
**Ego of superhuman attainment and**
**Ego of austerity.**

It is said that even the thought that " I don't have any ego" is a subtle ego too! Means we need to free our minds from this thought too.

The degrees of pride; varying from 'Anantanubandhi' to 'Sanjvalan' like all other kashays, are similar to a pillar of stone, a bone, a piece of wood, and the vine of a creeper; indicating decreasing resultant inflexibility of one's nature.

Harbouring ego can ruin the most powerful and knowledgeable human being, entrapping the soul to wander through countless birth and death cycles. The soul can fall from great spiritual heights to the darkness of hell, nullifying all the merit it had earned with unimaginable difficulty. An arrogant man, like Raavan invited his own destruction.

Let us know about one of the previous births of Bhagwan Mahavir in which he was born as Marichi. The story of why Marichi had to take innumerable births to become Mahavir is one of the finest examples for us to understand the consequences of ego (maan kashay).

Marichi was the son of Chakravarti (sovereign of six continents) Bharat and grandson of Rishabhdev, the first tirthankar of the present chovisi. On hearing a discourse of Bhagwan Rishabhdev, he became a shraman but could not observe the rigorous codes of conduct. He abandoned shramanhood and became a ritualistic mendicant by making relaxations in the harsh life observed by shramans. However, he used to sit outside the samvasaran ( Divine Assembly) of Rishabhdev and preach people around himself inspiring them to become shramans. One day his father Bharat Chakravarti came and bowed down to him with folded hands. Surprised at this act of his father he asked him" You are my father, why are you bowing down to me ?" His father happily replied "Today, when I asked Rishabhdevji if there is any soul in the congregation who would become a future tirthankar he took your name saying that you will become the last (24th) tirthankar of the present cycle." Overjoyed on hearing the prophecy , Marichi started thinking about his glorious clan! His ego got inflated as he uttered, "what a superior family I belong to! How great is my clan! My grandfather is the first tirthankar of this chovisi, my father a great chakravarti and I will become the last tirthankar of this time cycle. How great !" Because he was overcome by the ego of his illustrious clan, he slowly slid down from the height of spiritual supremacy to a viscous circle of innumerable births till he could become Vardhaman Mahavir!

If this could happen to a tirthankar in the making, what is our level? We are getting entrapped by ego/ abhimaan every now and then, adding obstacles in our path to liberation. We are indeed blessed to have our scriptures and venerable saints to guide us. As we become more and more aware and remain so, we too can and must try to overcome this very dangerous Kashay (passion).

How to try, we shall see in the next article.

Over View

# KDOs CAN...(Part VIII)

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



## FINANCIAL ENGINEERING FOR OUR SOCIAL INSTITUTIONS CREATING SOCIAL ASSETS WITHOUT INITIAL FUNDS

**समस्याएं अक्सर उतनी बडी नहीं होती,**
**जितनी हम उन्हें सोच सोच कर बना देते हैं।**

For social entrepreneurs the biggest challenge is to raise funds to achieve the objectives of the institutions they head. For lack of funds many doable and beneficial ideas never see the light of the day.

In the year 1997 or so two social entrepreneurs of Shri KDO Jain Ekkam, Kutch came to my residence at Peddar Road. They were Shri Pravinbhai Dand and Shri Rajubhai Saanya. They had an idea of constructing Ekkam Bhavan at Bhuj. But...but funds? Why they chose me still remains a mystery.

After a brief discussion it became clear that some financial engineering was to be done to generate funds for the entire ptoject as there was nothing in the kitty.

Shri Rajubhai was in the Real Estate business. Came to know that he had an approved layout on the outskirts of Gandhidham. We jumped on the idea. An eureka moment. First ascertained the likely fund requirement for buying land at Bhuj for Ekkam Bhavan and then commencing the construction. Accordingly, we structured the reasonable sale price of plots in sync with the required funds. Within two hours we prepared the entire project report with net surplus, cash flows and strategy to sell the plots. VATAN NI VIRASAT was the name given to the project. In two days the pamphlets were printed. Through our contacts within a month we were able to sell all the plots and realise the needed amount. With these revenues a centrally located plot of land was purchased by the Ekkam. With these funds and the amounts raised through donations the strong Ekkam Bhavan was constructed in a record time. **શૂન્યમાંથી સર્જન.**

In the unforgettable earthquake of 2001 the building remained intact, though many surrounding buildings collapsed.

On paper it looks very simple and easy just like any idea, to start with, looks impossible but once it is achieved it looks very simple. At social level creating an asset without having any money in the pocket is nothing but a small miracle of financial engineering. This speaks volumes about the courage, risk taking appetite at honorary level, organising skills and sincerity of the then Office bearers of the Kutch Ekkam. This or similar methodology is worth emulating by other KDO institutions.

I salute all of them, including Shri Pravinbhai and Shri Rajubhai.

To be continued....

## ક.દ.ઓ. નાટ્યકર્મીઓને નમ્ર નિવેદન

**ક.દ.ઓ. જ્ઞાતિના જે પણ જ્ઞાતિજન રંગભૂમી તથા ફિલ્મ જેવા મનોરંજન માધ્યમ સાથે સંકળાયેલા હોય તેમણે પોતાની પ્રવૃત્તિ તથા કારકિર્દી વિશેની માહિતી સોમ ધરમશી-૯૭૨૬૭ ૭૬૬૨૭નો સંપર્ક સાધી તેમને આપવી જેથી પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતી લેખમાળામાં સમાવિષ્ટ કરી શકાય.**

**- લી. તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

Life Power

# Danger of Comparing

**Alpha Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9591279036.**
Pehechaan - A Mission To Help Identify Yourself.



**The most important things in life come from the inside, not the outside.**

Comparing yourself to others is a recipe for unhappiness.You can be anything but you can't be everything.There is one thing that you're better at than other people: being you. This is the only game you can really win.

**Gain awareness of your thoughts.**

Begin to gain awareness of each harsh, judgmental thought you have of yourself in comparison to others. Start to see more clearly when and how you judge yourself and how hard you are on yourself. Every time you recognize a self-hating thought, say to yourself "There goes one of these judging thoughts." Then release it.

**Change your self-hating narrative.**

Once you've done that for a week, you'll begin to see how tough you are on yourself, and it's time to actively shift your negative thoughts. You need deep commitment and unflagging perseverance, but you can change your thoughts. When you find yourself comparing harshly, stop in your tracks and dig deeper. Try to understand what you feel you are missing, and why. Look at the story you're telling yourself, and rewrite that story.

**If you need help with this, start by saying this mantra every day:**

"I am on the right track and on my own, unique path to building a life and career I love and am proud of. I am NOT behind. I'm exactly where I need to be, learning and growing all the time."

Remember, you're unique, powerful, capable and fully worthy of charting your own empowered and joyful course. But first start learning the lessons your life is trying to teach you.

I personally know and have worked with many people who are addicted to comparison and to feeling like a loser or a victim. They literally spend hours of their time each week on Facebook, Instagram, LinkedIn, Twitter or other social media platforms looking at what other people have created and achieved, and they feel sick and depressed afterwards.

**This type of comparison leads people to invest in negative, destructive beliefs such as:**

- I don't have good friends to experience amazing times with (like these other people).
- I'm not rich, beautiful, talented, educated, thin (you name it) enough to be lovable.
- My children aren't as successful and accomplished as they should be and as so many others are.
- My or my kids' disabilities or challenges are shameful.
- I'm not as loved as so many others out there are.
- I don't have vacations or life experiences that are exciting.
- My life and career are a huge disappointment and embarrassment.
- I haven't achieved anything worthwhile

I'm totally alone.

It's critical to remember (but so many people forget) that social media platforms like Facebook –

which can be very helpful and enjoyable in many ways – encourage us to put out into the world only the most sanitized, flattering and praise-worthy version of our lives, not the real, raw experiences we're having.

Compare yourself to who you were yesterday.

Enjoy your own life without comparing it with that of another." – Marquis de Condorcet.

# ।।भारतीय पुलिस ।।

जो बेईमान है ये वर्दी उन्हे मजबूर बनाती है,
जो ईमानदार है ये वर्दी उन्हे मजबूत बनाती है,
वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

जिनके कंधो पर भार रखा,
जन जन की अभिलाषा का,
जो धरती पर अपवाद बने,
मानव की परिभाषा का,
मानव का जो तन रखकर भी,
निज अधिकारों से वचित होते,
वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

जो तुम्हे सुरक्षित रखने को,
खुद रात रात भर ना सोते है,
जो सब की खुशियो की खातिर,
खुद की खुशिया सुलगाते है,
वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

जो मुश्किल परिस्थितियों में डटे रहते हैं,
किसी की परवाह किए बगैर सामना करते हैं,
आंधि हो या तुफान,
जंग हो या महामारी जैसे बड़ी बीमारी,
जो बड़े से बड़े चुनौतियों का मुकाबला करते हैं
वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

लोग दिवाली में पटाखे फोड़ते हैं,
होलि में रंग उड़ाते हैं,
दही हांडी में मटकी फोड़ते हैं,
अपने परिवार के खूशीयों से पहले,
वो ईन त्यौहारों में अपना कर्तव्य निभाते हैं,
वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

ये शब्द तो बहुत कम है ईनहें धन्यवाद और
सम्मानित करने के लिए,
लेकिन उनके विरुद्ध जाकर
या उनको ही मारकर अपमानित ना करिए,
क्योंकि वो भारतीय पुलिस कहलाते हैं
वो भारतीय पुलिस कहलाते हैं!!

सारे भारतीय पुलिस को धन्यवाद्।



**यश हिरेन सोंमचंद लोडाया**

---

## નાનકડી કથાઓ

પિતાજીના ગયાં પછી સંપત્તિની વહેચણી કર્યા બાદ ઘરડી મા ને પોતાના ઘરે લઈ જતી દિકરી બોલી, હું ખૂબ નસીબદાર છું, મારા ભાગે તો જીવન આવ્યું છે !!!

----

ગઈકાલે મારો છોકરો મને કહે, પિતાજી હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં, કેમકે તમે પણ કદી દાદા દાદી ને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલકત મળી ગયાંનો આનંદ થયો !!!

----

તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતા જતા પરાણે ૫૦૦૦ રૂા. તેના હાથમાં આપ્યા અને કહ્યું લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટો માં આ શ્રેષ્ઠ હતી.

----

આજે ઓફિસ થી છૂટી ને ભેલ ખાવાની બહુ ઈચ્છા હતી, પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલ્દી પહોંચી ગઈ. જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું ચાલ જલ્દી, હાથ પગ ધોઈ લે, કેરી નાખીને ભેળ બનાવી છે, ઘણાં દિવસથી મને ખાવાનું મન હતું !!!

----

સાંજના સમયે સુમતીબેન માળા ફેરવતા હતા, ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો, તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણાં માથાં માં નાખી ને આવશે. પણ ત્યાં તો તેણે જોયું કે કૃષ્ણ ભગવાન માટે થાળીમા મોગરાના ફૂલ હતાં. ભગવાન પણ ગાલમાં હસતાં હતાં.

**Someone is sitting in the shade today because someone planted a tree a long time ago.**

*Warren Buffett*

DILIGENT • DECISIVE

# DHARAMSHI
## SECURITIES PVT. LTD.

Quest 1073 Rajabhau Desai Marg, Prabhadevi , Mumbai 400025. Phone - +91 22 24394444

218, 2nd Floor, Marathon Monte Plaza, Opp. P&T colony, Near Samriddhi Banquet Hall, Madan Malviya Road, Off. LBS Marg, Mulund (W), Mumbai 400080. Phone - +91 22 69162444

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**